
JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 6 I Issue 09 I Mumbai I July - 2015 I Rs. 25/- I Pages : 44



## સાત સોનાની આત્મ સંગ્રામે

અમદાવાદ

ધર્માલયના આંગણે

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ

શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

સાંનિધ્યે સાત મુમુક્ષુ આત્માઓનો

## દીક્ષા આજ્ઞા અર્પણ અવસર

તારીખ :- 16.07.2015

# ગુરુપૂર્ણિમા...

ગુરુપૂર્ણિમા...

## ગુરુપૂર્ણિમા એટલે

માંગ્યા વિના જ આપવાનો અવસર
સર્વ પ્રકારની ગણતરીથી મુક્ત થવાનો અવસર

તમે જેમને સમર્પિત છો તે **'ગુરુ'** જેવા બનવાનો અવસર
એનાથી પણ આગળ વધીને તમે જેમના છો, તેમના જેવા બનવા માટે
બે પગલાં આગળ વધવું, એવી પ્રેરણા પામવાનો અવસર,

**માટે જ,**
**સદ્‌ગુરુદેવ એમના પરમ ગુરુ પરમાત્માને પ્રાર્થના કરે છે**

***હે પ્રભુ!*** મને તારા જેવો બનાવજે,
અને તારા જેવો ન બનુ ત્યાં સુધી,
હે પ્રભુ ! તું મને તારો બનાવજે !

***ઓ ગુરુદેવ!*** અમે પણ આપના બની,
આપના જેવા બનીએ...
એવી કૃપા કરજો !!! કૃપા કરજો !!!

**- ગુરુભક્ત મહેતા પરિવાર**



ઓ ગુરુદેવ !

ઓ ગુરુદેવ !

અમ હૃદય સિંહાસન પર બિરાજમાન આપ...

આજ પધાર્યા અમ નગરીમાં...

પાવન પવિત્ર થઇ ગયું **નગર અમદાવાદ**

અને... ધન્ય બની ગયા નગરજનો સહુ...

ઓ ગુરુદેવ !

ઓ ગુરુદેવ !

આપ પધાર્યા, **ખુલ્યાં અમ હૃદયના દ્વાર...**

પ્રેમ શું મળ્યો આપનો, પ્રેરણા પામી ગયા અમાપ,

જે ભક્તિ તીર્થંકરપણુ અપાવે, એ ભક્તિ કરવાનો અવસર મળ્યો આજ.

ધન્ય બન્યો પરિવાર અમારો, સાર્થક થયો ભવ અમારો

ઉપકાર ગુરુદેવ અગણિત આપના, ભવોભવના ઋણી અમે આપના

**વંદન કરીએ વારંવાર... વારંવાર,**

**સ્વીકારજો ગુરુદેવ અમારા ભાવ !!!**

- શ્રી ચમનલાલ ઉમેદચંદ પાટડીવાળા પરિવાર

5th JULY 2015 YEAR: 15, ISSUE - 177
PAGES: 40 + 4 • RETAIL PRICE: ₹ 25

**SUBSCRIPTION**

LIFE TIME (WITHIN INDIA) : ₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA) : ₹ 500
LIFETIME (INTERNATIONAL) : ₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL) : ₹ 2500

**FORMER EDITOR**
SHREE RASIKBHAI PAREKH

**PUBLISHER**
SHREE DEEPAKBHAI BHAYANI

**EDITOR**
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

**CONTACT:**
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-32043232

**EMAIL:**
pranpushpa@yahoo.com
parasdham108@gmail.com
publication@parasdham.org
website: www.parasdham.org

**JOIN US ON:**
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published,
Edited and Owned by
DEEPAK K. BHAYANI,

**Printed at**
Joyti Print and Pack Pvt. Ltd.
A 114 Ghatkopar Industrial Estate,
L B S Marg, Ghatkopar (W)
Mumbai-400 086
and
**Published at**
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai-400 099


# JAIN KRANTI જૈન ક્રાંતિ

દર મહિને હજારોને પ્રેરણા આપી
પરમના માર્ગે આગળ વધારતું જ્ઞાન જ્યોત જલાવતું 'જૈન ક્રાંતિ'
માત્ર ₹ 51,000=00 એક અંકના જ્ઞાન દાનમાં અર્પણ કરી
સંપૂર્ણ અંકના સૌજન્ય દાતા આપ બની શકો છો.

## જૈન-ક્રાંતિ જ્ઞાન દાન

₹ **11,000=00 એક વર્ષના**

**CHQ / DD should be in favour of ARHAM YUVA GROUP**

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઇ દેસાઇ (પાર્લા)
- ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ)
- શ્રી હીનાબેન સંજયભાઈ શાહ (વડોદરા)
- શ્રી લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી)
- શ્રી ગુરુભકત પ્રણયભાઇ મહેતા (ઘાટકોપર)
- મહાવીર ટેકસટાઈલ (કોલકતા)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઇ સંઘવી (ઘાટકોપર)
- શ્રી કુંદનબેન જયંતિભાઈ સંઘવી (સુરત)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ધર્મેશભાઈ મનસુખભાઈ કામદાર (USA)
- શ્રી ધનસુખલાલ વિરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ (ઝરિયા)
- શ્રી પારસ પ્રેરણા ટ્રસ્ટ (અંધેરી)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)

**TO KNOW MORE ABOUT PUJYA GURUDEV CONTACT ON: +91 9860905678**


?????

રાષ્ટ્રસંત
પૂ. ગુરુદેવશ્રીના
સાંનિધ્યમાં અને
ગુરુ આજ્ઞાના ભકતોના
ગુરુભાવ જાણવા
તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો...

Experiences

“એક જનમ્યો”

# A BIOGRAPHY of RASHTRA SANT PUJYA GURUDEV!

- Shree Kunjan Chheda

*‘એક જનમ્યો’ ના ગયા અંકમાં આપણે વાંચ્યું...*
*મહાવીરનું દૈવી તત્વ સાથેનું જોડાણ*
*એમને ક્યાં અને કઈ કઈ રીતે સહાયક બને છે!*
*હવે આગળ...*

## 7. સલામ... એ વીરાંગનાને!

*‘સરનામુ’*

સ્થિર થવા માટે હોય છે !

જ્યાં સુધી કોઇપણ જીવ પોતાના નિયત સરનામે નથી પહોંચતો ત્યાં સુધી એની સ્થિરતા નથી હોતી, એની રઝળપાટ હોય છે !

મહાવીર ! વર્ષો સુધી રઝળપાટ કરતાં રહ્યાં ! જે સરનામાઓને એ પોતાના સ્થિર થવાના નિયત સ્થાન માની રહ્યાં હતાં, એ બધાં તો ભ્રમના સરનામા હતાં. પરંતુ નિયતિએ એમનું સરનામુ તો કોઇ ઓર જ નિયત કરી રાખ્યું હતું !

ભ્રમના અનેક સરનામાઓ બદલાવતાં બદલાવતાં મહાવીર, ભ્રમના ઓર એક સરનામા... મુંબઇમાં આવ્યાં ! ભર યુવાન વય, સફળતા અને સુખ-સાહ્યબીમાં જીવવા માટેની હૃદયમાં ઉઠતી અનેક ઇચ્છાઓ અને આકાંક્ષાઓ ! અને એ ઇચ્છાઓ-આકાંક્ષાઓને પૂરી કરવા માટે મુંબઇનું મુક્ત વાતાવરણ મહાવીરના મનને ધર્મથી વિમુખ અને મોહ-માયાથી સન્મુખ કરતું જતું હતું. પરંતુ જેના દ્વારા અનેક જીવોનું કલ્યાણ થવાનું હતું, જેના દ્વારા એક ઇતિહાસ રચાવાનો હતો એનું જ પતન તરફ જવું એ કુદરતથી પણ કેમ કરીને સહેવાય ? ? ?

અને, એક રાત એવી આવી...

1989 નું વર્ષ. કેરોન શોપમાં આખો દિવસ કામ કરીને રાતના મોડેથી મહાવીર ઘરે આવતાં. એક વાર, વસઇના એ નાનકડા ઘરમાં રાતના સમયે મહાવીર થાક્યા-પાક્યા ભર નિદ્રામાં સૂતાં હતાં. ક્યાં ખબર હતી મહાવીરને, કે *આત્મભાન ભૂલીને નિરાંતે સૂવાની આ મારી અંતિમ રાત્રિ છે!* ભર નિદ્રામાં અડધી રાત વીતી ન વીતી ત્યાં, અચાનક એક દૈવી અવાજ મહાવીરને ઢંઢોળે છે...

*‘જાગ મહાવીર ! જાગૃત થા, તારૂં આયુષ્ય અલ્પ છે, તું તારૂં કામ કરી લે !’*

મહાવીર તો સફાળા જાગી ગયાં ! અરે... ફરીને એ જ અવાજ ! આ તો એ જ અવાજ છે, જે વર્ષોથી મને વારંવાર સંભળાય રહ્યો છે ! શું કહેવા માગે છે એ મને ? ? ? વર્ષોથી જે દૈવી અવાજ અવારનવાર મહાવીરને સંકેત આપતો હતો એ જ ચિર-પરિચિત અવાજ આજે એમને સંકેત આપીને ચેતવી રહ્યો હતો. આખી રાત મહાવીર એ દૈવી શબ્દો પર ચિંતન કરતાં જ રહ્યાં... કરતાં જ રહ્યાં ! શું કરું ? શું ન કરું ? શું કહેવા માગતા હશે ? એ વિચારોમાં ને વિચારોમાં ક્યાં રાત ઢળી ગઇ અને નવી પ્રભાત ઉગી ગઇ એની મહાવીરને ખબર જ ના પડી !

હા, મહાવીર અજાણ હતાં. એ જાણતા નહોતા

કે, એમના આત્માને અનંતકાળથી અંધારામાં રાખનારી એ નિશા ચીરાઇ ગઇ છે! એમના આત્માનું અહિત કરનાર તિમિરને ભેદીને આત્મ અજવાળા તરફ દોરી જનારું સોનેરી પ્રભાત આજે ઉગી ગયું છે ! એક નાનકડું વાક્ય મહાવીરના માત્ર આ ભવ જ નહીં, આવતા ભવ જ નહીં પરંતુ એમના ભવોભવના કલ્યાણનું નિમિત્ત બની જશે ! એ વાતથી મહાવીર બેખબર હતાં ! ! !

મહાવીરના કાનમાં સતત અને સતત એ વાક્ય ગુંજી રહ્યું હતું. મનમાં ચાલતી મથામણના સમાધાન માટે સવાર થતાં જ એ મમ્મી પાસે જાય છે. વહેલી સવારમાં, રોજની જેમ સંતાનો માટે ટિફીન તૈયાર કરતી મમ્મી, સવાર સવારમાં પોતાની પાસે આવેલાં મહાવીરને જોતાં જ કહે છે, ''હા, મને ખબર છે, તારા ટિફીનમાં કાંદા-બટેટાનું જ શાક નાખ્યું છે !''

મહાવીર કહે છે, ''ના... એવું કાંઇ...''ફરી મમ્મી કહે છે, ''તો શું વાળ સેટ કરાવવા માટે પૈસા જોઇએ છે ને ? ભલે લઇ જજે'' !

મહાવીરની જેમ જ 'મા' પણ બેખબર હતી, કે આજે અને વર્ષોથી જે મહાવીર મારી પાસે આવતો રહ્યો છે, હવેથી જગત એની પાસે આવતું થઇ જાય એવા દિવસોની તૈયારી માટેનો આ દિવસ ઉગ્યો છે !

મહાવીરે દૈવી સંકેતની, રાતની એ બધી વાત 'મા' ને ખુલ્લા હૃદયે કરી !

શું પ્રતિભાવ મળ્યો હશે મહાવીરને મમ્મી પાસેથી ?

એ રોયાં હશે ? એ ચિંતીત થયાં હશે ? એ હતાશ બનીને બેસી ગયાં હશે ?

ના, એવું કશું જ ન કર્યું એમણે! પરંતુ, મહાવીરની વાતને સાંભળીને એક ક્ષણના પણ વિલંબ વગર 'મા' ના મુખમાંથી શબ્દો સર્યા... ***'મહાવીર ! તું દીક્ષા લઇ લે' !***

> *પરમાત્મા કહે છે !*
> *હે આત્મબંધુ !*
> *યુગાંતર વીતી ગયાં...*
> *તું હજી પણ નિદ્રામાં છે ! તને મળેલી આ સોનેરી ક્ષણો વ્યર્થ જઇ રહી છે !*
> *માટે હે આત્મન્ !*
> *તું જાગી જા... આ જ ક્ષણ છે જાગૃત થવાની ! નહીંતર, ફરીને યુગાંતર વીતી જશે ! ! !*

કોઇ ક્ષત્રિયાણીના નૂર જેવો, કોઇ વીરાંગનાના હિર જેવો, કોઇ સિંહણની ત્રાડ જેવો, ગર્વિષ્ઠ જવાબ કોઇપણ પ્રકારના હિચકિચાટ કે તર્ક-વિતર્ક વિના આપી દીધો માતા પુષ્પાબેને !

સહેલું નથી હોતું, પોતાના જ અંશને પોતાનાથી અળગો કરવાનું ! સહજ નથી હોતું, પોતાના ઘરના પ્રજ્વલિત ચિરાગને પરમાત્માના માર્ગ પર રોશની પથરાવવા સોંપી દેવું ! શું એ મા ને એક ક્ષણ માટે પણ વિચાર નહીં આવ્યો હોય કે, સાયકલ ફેરવવા માટે કલાકો સુધી ઘરે ન આવતાં મહાવીરની રાહ જોતી રહેતી હું, હવે કોની રાહ જોઇશ ?

રોજ નવા નવા પરાક્રમ કરીને સતાવતાં મહાવીરની જગ્યાએ હવે કોણ આવશે મને સતાવવા ?

દુકાનેથી પાછા આવીને રોજ રાતના, 'મા ! મને જલ્દી જમવાનું આપ, બહુ ભૂખ લાગી છે' એવું કોણ કહેશે મને ? મારો મહાવીર ! દુબળો-પાતળો... એ કેવી રીતે દીક્ષા જીવનના કષ્ટો સહન કરશે ? શું થશે એનું ?

શું નહીં આવ્યાં હોય એવા વિચાર ?

આવ્યાં હશે, જરૂર એવા વિચાર પણ આવ્યાં હશે ! પરંતુ, એ બધી જ લાગણીઓ અને એ બધાં જ વિચારોને અંતરમાં દબાવીને પોતાના પુત્રનું આત્મહિત ચાહનારી એ એક 'વિરલ મા', એક 'ફૌલાદી જીગરની મા' હતી !

આ બાજુ, મહાવીરના સ્થિર થવાના દિવસો પણ હવે નજીક આવી રહ્યાં હતાં. એક સરનામુ નક્કી થવાનું હતું !

પણ, મહાવીર હવે કયા સરનામે સ્થિર થશે ? એ કઈ દિશામાં જશે ? ? ?

•••

## ૪. અને, દસ્તાવેજ લખાય છે...

*'જીવન'* બધાંને પ્યારું હોય છે.

દરેક જીવ જીવવા ઇચ્છતું હોય છે.**'મૃત્યુ'** કોઇને વ્હાલું નથી હોતું. મૃત્યુનું નામ પડે ત્યાં દરેક જીવ ભયભીત બની જતાં હોય છે. મૃત્યુના ભયને જે જીતી જાય છે, મૃત્યનું ભાન રાખીને જે સભાન પણે જીવતાં હોય છે એ જ વીર હોય છે ! એ જ મહાવીર હોય છે !

આયુષ્યના આઠ-આઠ કે નવ-નવ દસકા સુધી જીંદગીને જેણે  બધી જ રીતે જીવી લીધી હોય, બધું જ માણી ચૂક્યા હોય, કાન સાંભળી ન શક્તા હોય, આંખેથી જોવાતું ન હોય, શરીરની એક પણ ઈન્દ્રિયો સાથ ન આપતી હોય, અંતે શરીર જીર્ણ શીર્ણ બની ગયું હોય જીવવા માટેનું હવો કોઈ કારણ જ બાકી ન રહ્યું હોય, એવી વૃધ્ધ વ્યક્તિ પણ પોતાના હ્રદયના કોઈક ખૂણે જીજીવિષા એટલે કે હજી વધુ જીવવાની ઈચ્છા ધરાવતી હોય છે એ ઉંમરે પણ મૃત્યુને સહજ રીતે ન સ્વીકારતા શરીરને ટકાવવા માટેના પ્રયત્નો થતાં રહેતાં હોય છે જ્યારે કે... 'મહાવીર !' માત્ર 19 વર્ષનો એક ઉગતો નવ યુવાન! જેણે જીંદગીને જીવવાની અને જીંદગીને માણવાની હજી તો શરૂઆત કરી હોય ! કેટલાં અરમાનો મનની અંદર જાગેલાં હોય! એવા સમયે કોઇ આવીને ભાન કરાવી જાય કે ''તારૂં આયુષ્ય અલ્પ છે'' ! ત્યારે શું વીતે ? મહાવીરના હ્રદય પર શું વીતી હશે ? એ ઘડી, એ પળને એણે કઇ રીતે ઝીરવી હશે ? શું મહાવીરને એનું જીવન વ્હાલું નહીં હોય ? એને કોઇ દર્દ નહીં થયું હોય ? શું એમને કોઇની પાસે પોતાના અંતરની વ્યથાને વ્યક્ત કરીને આસું સારવાનું મન નહીં થયું હોય ? એકવાર, આપણે ખુદને મહાવીરની જગ્યાએ મૂકી જોઇએ, તો અવશ્ય આ પ્રશ્નોના જવાબ આપણને મળી જાય ! ! !

દર્દ થયું હશે મહાવીરને પણ ! મહાવીરનું અંતર પણ રડયું હશે ! પરંતુ, એ 'મહાવીર' હતાં ! ઝીરવી લીધી એ ક્ષણને એમણે, પી ગયાં એ દર્દને એ, ગળી ગયાં એ રૂદનને ! અને, જીતી લીધો એ ભયને એમણે ! મહાવીર નામને સાર્થક કરતી આ ઘટના હતી. આંસુ સારીને રોદણા રોતાં તો બધાંને આવડતું હોય, પરંતુ આંસુઓને પી જવું અને દર્દને ગળી જવું તે જ વીરતા હોય છે !

પરંતુ, એક પ્રશ્ન તો હજુ નિરુત્તર જ છે કે, વારંવાર મહાવીરને જાગૃત અને ભાન કરાવતાં રહેતાં આવા સંકેત આખરે કોણ આપી રહ્યું છે ? ? ? ખેર... અલ્પ આયુષ્યના મળેલા સંકેત અને 'મા' ની આજ્ઞાને અનુસરીને મહાવીર નીકળી પડે છે, સત્યની શોધમાં ! ઘરની બાજુના જ ઉપાશ્રયમાં બિરાજીત પૂજ્ય શ્રી મુક્તાબાઇ મ. અને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મ. પાસે જઇને મહાવીર સદ્બોધ પામીને સંયમ જીવન અંગિકાર કરવાની પ્રેરણા પામે છે. પરંતુ, આ મહાવીરનો જીવ હતો. સંશોધન કર્યા વિના એ કોઇપણ વસ્તુનો કદિ સ્વીકાર નહોતા કરતાં ! સત્ય ધર્મ શું છે એની શોધખોળ એમણે શરૂ કરી ! એ ચર્ચમા ગયાં, ત્યાં પાદરીની વાતો સાંભળી. કુરાન અને બાઇબલના ગ્રંથો પણ વાંચ્યાં અને અનેક ધર્મ પર સંશોધન કરીને અંતે નિષ્કર્ષ પર આવ્યાં કે, જે ધર્મમાં સૂક્ષ્મ અહિંસાની વાતો કહેલી છે એ જૈન દર્શન શ્રેષ્ઠ છે. હજી ઊંડા સંશોધનમાં એ ઉતર્યા, *''પ્રયોગ દ્વારા પુરવાર કરવું''* એ એમના જીવનની વિશિષ્ટતા રહેલી છે. થિયેટરમાં જઇને મૂવી જોવામાં વધારે સંતોષ પામી શકાય છે કે પછી પરમાત્માની કહેલી વાતોનું સંતોના મુખેથી શ્રવણ કરવામાં ? આવા અનેક પ્રયોગો કર્યા પછી અંતે દીક્ષા જીવન, અંગિકાર કરવાનું મહાવીર નક્કી કરે છે.

પરંતુ, દીત્રા લેતાં પહેલાં મહાવીર ઘરેથી જરૂરી સામાન લઈને જ્ઞાન-પ્રાપ્તિ અર્થે મારવાડના પાલી ગામમાં પહોંચી જાય છે. મારવાડમાં મહાવીરના જીવનમાં કઠિન શિક્ષાઓનો પ્રારંભ થાય છે ! પહોંચતાં વેત ત્યાં બિરાજતાં શ્રી ચંપાલાલજી મ. સા. એ 25 બોલ શીખવાડી દીધાં અને માત્ર બે જ કલાકમાં મહાવીરે 25 બોલ શીખી લીધાં. મહાવીર અને એમની સાથે રહેતાં વીરેન્દ્રભાઇ બંનેએ સંતો સાથે પાલીથી બાલોતરાનો વિહાર કર્યો. એ માર્ગ ખૂબ કાંટાળો હતો પણ આખા રસ્તે આ બંને ભાઇઓ કાંટા દૂર કરતાં જાય અને પૂજ્ય

મહાત્માજી મહારાજ સાહેબ એક એક પગ મૂકતાં જાય! આમ, સંતની સેવામાં પણ મહાવીરને અનેરો આનંદ આવતો હતો. વિહારની અનેક પ્રતિકૂળતાઓ, ભોજન વગેરેની અવ્યવસ્થાઓ આદિ બધું જ તેઓ સહર્ષ સ્વીકારી લેતાં. ***સ્વીકારભાવનો મહાવીરનો આ ગુણ એમને એક એવા પદ સુધી લઈ ગયો કે લાખો લોકો ખુદ એમને સ્વીકારતા થઈ ગયાં.***

> *પરમાત્મા કહે છે...*
>
> *હે વીરપુરુષ! જે સહન કરે છે એ જ સિધ્ધિને પામી જાય છે.*
>
> *માટે હે આત્મન્! કોઇપણ પ્રતિકૂળ ક્ષણોને તું મૌનભાવે સહન કરતો જા... એક દિવસ આવશે કે, તારી જ સહનશીલતા તને સફળતાના સાહિલ સુધી ખેંચી જશે!*

મહાવીરનો આગમ અભ્યાસ શરૂ થયો... આગમના સૂત્રો અને રહસ્યોને ઉકેલવા મહાવીરે પુરુષાર્થનો પ્રારંભ કર્યો. વહેલી સવારે ઉઠીને દિવાલની સામે મોઢું રાખીને 40 ગાથા કંઠસ્થ કરવાની, ગાથા કંઠસ્થ ન થાય ત્યાં સુધી પાણીનું ટીપું પણ વાપરવાનું નહીં. મહાવીરના શરીરની તાસીર ભૂખ્યા રહી શકવાની ન હતી, છતાં જ્ઞાનપ્રાપ્તિ માટે એમને બધું જ મંજુર હતું. ***જ્ઞાનપ્રાપ્તિની આવી તીવ્ર ઝંખના, અદમ્ય જિજ્ઞાસા જ મહાવીરને જ્ઞાનની બુલંદી પર સ્થાપિત કરી ગઈ!***

હંમેશા વાળ સેટ કરાવીને અપ ટુ ડેટ રહેનારા મહાવીરને વાળ ન ઓળવાના અને ન ન્હાવાના પચ્ચક્ખાણ આપવામાં આવ્યાં. હંમેશા ઇનશર્ટ કરીને નીકળતાં મહાવીરને મહિનાઓ સુધી એકનેએક જોડી કપડાંને ધોઈ ધોઈને પહેરવા પડતાં. વાત બહુ સામાન્ય લાગતી હોય, પરંતુ બધી જ રીતે શોખીન એવા નવ યુવાન માટે આટલું સહજ ભાવે બધું સ્વીકાર્ય થઈ જવું એ સહજ નથી હોતું. માત્ર ભણવાનું જ નહીં, ભણવાની સાથે ચિંતન, મનન અને દરેક કાર્ય જાતે જ કરવાના. છતાં પણ પ્રતિકૂળતા પ્રત્યે ન કદિ કોઈ ફરિયાદ કે ન કદિ કોઇ અણગમો! મોઢામાંથી એક હરફનો ઉચ્ચાર સુધ્ધાં નહીં! એનાથી વધીને, મહાવીરની સહનશીલતાના દર્શન તો ત્યારે થાય છે જ્યારે, મહાવીરના વાળને જોઇને એકવાર પૂ. પ્રકાશમુનિ મ.સા. એ ટકોર કરી, हम वैरागीओं के इतने लंबे बाल अच्छे नहीं होते! મહાવીર ક્ષણમાં જ એ સંકેતને પામી ગયાં અને સાથે રહેતાં વીરેન્દ્રભાઇ પાસે કેશલૂંચન કરાવ્યું! આવડતું ન હોવા છતાં, વિરેન્દ્રભાઇના હાથે કરાવેલો અતિ પીડાદાયક એ પ્રથમ લોચ છ કલાક સુધી ચાલ્યો, લોહીની ટશરો ફૂટવા લાગી, અસહ્ય વેદના થવા લાગી, પરંતુ ગમે એમ કરીને મહાવીરને ગુરુના મુખ પર પ્રસન્નતા લાવવી હતી. આમ, દીક્ષા પહેલાં જ મહાવીરે સહનશીલતાનો ગુણ કેળવી લીધો હતો. ***મહાવીરની સહનશીલતા જ એમની અમાપ સિધ્ધિઓનું કારણ બની ગઈ!***

આ બાજુ, મારવાડ ગયેલાં વ્હાલસોયા પુત્રની આઠ આઠ મહિનાથી પ્રતિક્ષા કરી રહેલી 'મા' પાસે આવીને મહાવીર દીક્ષા લેવાના ભાવ વ્યક્ત કરે છે, ત્યારે સહજ લાગણીમાં આવીને 'મા' કહે છે ''ભાઇના લગ્ન પછી તું દીક્ષા લેજે,'' ત્યારે મહાવીર જવાબ આપે છે... ''નજરની સામે ટ્રેન નીચે કેટલાંયના એકસીડન્ટ થતાં જોઇએ છીએ. ભાઇના લગ્નની પહેલા જો ક્યાંક મારો પણ એકસીડન્ટ થઈ ગયો તો???'' મહાવીરનો તર્ક પૂર્વકનો આ જવાબ સાંભળી 'મા'એ એ જ ક્ષણે દીક્ષાની સહર્ષ અનુમતિ આપી દીધી! અને... 1990-ના ડિસેમ્બર મહિનામાં મહાવીરની દીક્ષાની આજ્ઞા પત્રિકા લખવામાં આવી. જાણે કે, ***સિધ્ધત્વના સફરનામાનો પ્રારંભિક દસ્તાવેજ લખાઇ રહ્યો હતો!***

પરંતુ, હજી મહાવીરના સંઘર્ષનો અંત નહોતો આવ્યો! દીક્ષાની જાહેરાત થતાં જ, મહાવીરની કુંડળી જોઇને એક જયોતિષીએ કહ્યું, ''બહુ નજીકના ભવિષ્યમાં જ એમનો મૃત્યુ યોગ છે!'' બસ, આ વાત વાયુવેગે પ્રસરી ગઇ. સગા સંબંધીઓએ પણ દીક્ષા અટકાવવાના અનેક પ્રયત્નો કર્યા. પરંતુ મહાવીર, એ વિરોધ રૂપી દરેક વાવાઝોડાને ઓળંગી ગયાં અને સંયમની સફર માટે સજ્જ થવાની તૈયારી કરવા લાગ્યાં! દીક્ષા લેવાની તૈયારી કરવા લાગ્યાં!!!

***'દીક્ષા...' શું હોય આ દીક્ષા??? શું માત્ર વેશ પરિવર્તન? ના... ના...! જાણીએ આવતા અંકમાં...***

## જે કલ્યાણ કરાવે તે કૃપા હોય

જેમ પ્રજવલ્લિત થયેલ દીપકનું પ્રોટેક્શન ગ્લાસ હોય છે,
અને એ ગ્લાસના કવચના કારણે દીપકની જ્યોત સુરક્ષિત હોય છે.

તેમ અમારા આત્મભાવોની જલવંત જ્યોતનું પ્રોટેક્શન છે
અમારા **અસીમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપા**...

**ગુરુકૃપાના** એ કવચના કારણે તો અમારા આત્મભાવો સુરક્ષિત છે
આવા અસીમ ઉપકારી **રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીનું**
**અમારા અમદાવાદના આંગણે આગમન...**
**જાણે અમદાવાદમાં આનંદોત્સવ !!!**



ઓ ગુરુદેવ !

## ઓ ગુરુદેવ !

આપના આગમનને
અહોભાવના પુષ્પોથી વધાવીએ...!!!
આપના આગમનથી થશે
અમારું આત્મકલ્યાણ!!!

- શ્રી મીનાબેન રમેશભાઈ ચીમનલાલ મકાતી પરિવાર

# કેમ ઓળખવા તે કલ્યાણ મિત્રને?

- રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

> **"સદ્‌ગુરુને શ્રધ્ધા, ભક્તિ અને પ્રેમથી ભરેલાં હૃદયાવાસમાં બિરાજમાન કરવા એ જ સત્ય છે, એ જ જ્ઞાન છે અને એ જ પ્રજ્ઞા છે."**

સદ્‌ગુરુ અનંતા ભવે જ્યારે જન્મો જન્મના ઋણાનુબંધ ઉદયમાં આવે છે, ત્યારે મળે છે અને જ્યારે અનંતા અનંતા પુણ્યનો ઉદય થાય છે ત્યારે ગુરુતત્ત્વની અનુભૂતિ થાય છે.

સદ્‌ગુરુ કોણ હોય ? સદ્‌ગુરુ કોણ બની શકે ?

સદ્‌ગુરુ એ બની શકે,

**'જેમની પાસે એક વિશેષ વિઝન હોય'.**

જે તમારા ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણનાર હોય. જેમની પાસે દરેક વિઝનનું એક રીઝન હોય. જેમની પાસે દરેક પરિસ્થિતિને ટકાવી રાખવા અને દરેક પરિસ્થિતિમાં ટકી રહેવાની ક્ષમતા હોય.

જે હારી જાય, થાકી જાય, ડગી જાય, ગભરાય જાય તે ગુરુ ન હોય, ગુરુ એ હોય જે અડગ હોય, જે નીડર હોય, જેમને કોઈ ચલિત ન કરી શકે, જેમને કોઈ વિચલિત ન કરી શકે, જેમને કોઈ લલચાવી ન શકે, જેમને કોઈ લપસાવી ન શકે.

**જે ક્યારેય કોઈના ન બને.**

સદ્‌ગુરુ એ હોય જે ક્યારેય કોઈના ન બને છતાં બધાંના હોય.

જે કોઈકના બની જાય તે બીજાને, બીજા સાથે અન્યાય કરી શકે અને ગુરુ ક્યારેય કોઈને અન્યાય ન કરે, એ તો સમાનતાનો અનુભવ કરાવે. સમાન થવાની પ્રેરણા કરે.

જેમ જેમ સમાનતાનો અનુભવ થાય, તેમ તેમ વ્યક્તિ સ્થિર અને શાંત થવા લાગે. હા, વ્યક્તિગત રૂપમાં ગુરુ કદાચ કોઈના આત્માને ઉન્નત કરવા જરૂર કરતાં વધારે સિંચન આપે તો કોઈને ઓછું. અવગુણોને કાઢવા કોઈનામાં વધારે કાપકૂપ કરે તો કોઈ શાનમાં સમજનાર હોય તેનામાં ઓછી કાપકૂપ કરે. આત્માના વિકાસ માટે યોગ્યતા અનુસાર અને કર્મોના ઉદય અનુસાર કોઈને સેવાનું કાર્ય આપે તો કોઈને સ્વાધ્યાયની આજ્ઞા આપે, એનો અર્થ એવો ન હોય કે ગુરુને એક પ્રત્યે અનહદ લાગણી છે અને એક પ્રત્યે ઓછી છે.

સદ્‌ગુરુ એ જ હોય જેમને ન કોઈના પ્રત્યે લાગણી હોય કે ન કોઈના પ્રત્યે દ્વેષભાવ હોય! એમના માટે સહુ સમાન હોય અને એ સહુને સમાન રાખી શકે.

સદ્‌ગુરુને ન કોઈ પ્રિય હોય, ન કોઈ અપ્રિય !!

**જે તમારી લાઈફની જ નહીં,**

**ડેથની પણ જવાબદારી લઈ શકે.** જે તમારી લાઈફની જ જવાબદારી લે તે સદ્‌ગુરુ ન હોય, જે તમારા મૃત્યુની અને મૃત્યુ પછીના ભવોની પણ જવાબદારી લે તે સદ્‌ગુરુ હોય.

જેમને તમારા મૃત્યુના દિવસની ખબર હોય, જેમનામાં તમારા મૃત્યુને સુધારવાની ક્ષમતા હોય, તે સદ્‌ગુરુ હોય.

જે તમારા અંતને અને અંત પછીના અનંતને સુધારી શકે તે સદ્‌ગુરુ બની શકે.

આજને સુધારે એવા સંતો કે પ્રવચનકારો તો અનેક હોય અને આજે જે સુધર્યા હોય તે કાલે બગડી પણ શકે. જે તમારી આજને તો સુધારે પણ જે તમારા અંતને પણ બગડવા ન દે તે સદ્‌ગુરુ હોય.

**જે શિષ્યની યોગ્યતા અને આત્માનો વિકાસ કરાવે.**

સદ્‌ગુરુ એ જ હોય જે શિષ્યની યોગ્યતા અને પાત્રતાનો વિકાસ કરાવી આત્માનો વિકાસ કરાવે.

શિષ્યની સમર્પણતામાં જ્યારે પૂર્ણતા આવે છે ત્યારે ગુરુ પણ પોતાની જવાબદારી પૂર્ણ કરે છે.

'નામ ગુરુ' અલગ વસ્તુ છે, 'વચન ગુરુ' અલગ વસ્તુ છે અને 'સમર્પણ ગુરુ' અલગ વસ્તુ છે.

સદ્‌ગુરુ એ બની શકે, જે તમારી પાત્રતા અને યોગ્યતાનો એવો વિકાસ કરાવે કે એમને પણ શિષ્ય માટે ગૌરવ થાય!!

ગુરુને માનવા, ગુરુને સ્વીકારવા, ગુરુ આજ્ઞામાં આવવું કે ગુરુ આજ્ઞા સ્વીકારવી એ તો બાહ્ય પ્રોસેસ છે, એક વ્યવહાર છે. પણ સદ્‌ગુરુ એ હોય, જેમના સ્નેહમાં એવી ક્ષમતા હોય જેનાથી ગુરુની આજ્ઞા તમારો શ્વાસ બની જાય, તમારૂં જીવન બની જાય અને એ આજ્ઞાની પાલના માટે જીવ દેવા પણ તૈયાર થઈ જાવ.

**જે તમારા જીવનમાં પરિવર્તન લાવી શકે...**

સદ્‌ગુરુ એ જ હોય જે તમારા જીવનમાં પરિવર્તન લાવવા તમારામાં શ્રધ્ધા અને સમર્પણતાના ભાવ જગાડે, તમારા એમની સાથેના કનેક્શનને સ્ટ્રોંગ બનાવવા સતત પ્રેરણા કરે, સતત એલર્ટ કરે.

ગુરુને ધાર્યા અને સ્વીકાર્યા બાદ જો તમારા જીવનમાં, તમારા સ્વભાવમાં પરિવર્તન ન આવે તો સમજવું કનેક્શન લુઝ થઈ ગયું છે, સમર્પણતાનો ફ્યુઝ ઊડી ગયો છે. જે ગાડીના ડ્રાઈવર પ્રોપર ન હોય એ ગાડીમાં ક્યારેય ન બેસાય, એમાં એકસીડન્ટ થવાના ચાન્સીસ વધારે હોય.

સમર્પણતાને શ્રેષ્ઠ અને સ્ટ્રોંગ બનાવવા જરૂરી છે સ્નેહ, સેવા, સમજ અને સાતત્ય!!

**જે શિષ્યની સંપૂર્ણ જવાબદારી નિભાવી શકે.**

સદ્‌ગુરુ એ જ હોય જે શિષ્યના સુખ, શાંતિ અને સમાધિને આંચ ન આવવા દે. તમારા ગમે તેવા કર્મો હોય એ કર્મોને હળવા અને પરિવર્તિત કરવાની જવાબદારી ગુરુની હોય છે, કર્મોના ઉદયે આવી પડેલી સમસ્યાને સહન કરવાની શક્તિ આપવાની જવાબદારી ગુરુની હોય છે, જે આવી જવાબદારી નિભાવી શકે એ સદ્‌ગુરુ હોય છે.

ભગવાન મહાવીર કે તીર્થંકર જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં જોજન સુધી રોગ નહીં, શોક નહીં, દુ:ખ નહીં, દરિદ્ર નહીં, કેમકે, લોકોના કર્મોનું સંક્રમણ થઈ જાય છે.

એમ સદ્‌ગુરુ એ જ હોય જેમના જબરદસ્ત ગુડલક હોય, પુણ્યનો ઉદય હોય, ઉત્કૃષ્ટ સાધનાની શક્તિ હોય અને પોઝીટીવ વાઈબ્રેશન્સ્ હોય, જેના પ્રભાવના કારણે શિષ્યના કર્મોનું સંક્રમણ થઈ જાય.

**જે તમારી સમર્પણતાની સતત પરીક્ષા કરે.**

સરિતા જ્યારે સાગરમાં સમાય જાય છે, પોતાના અસ્તિત્વને સાગરમાં ઓગાળી દે છે ત્યારે જ તે સાગર બની શકે છે. સરિતા જ્યારે સાગરમાં સમાવા જાય છે ત્યારે તે વિચાર નથી કરતી કે સાગરમાં તો આટલી બધી નદીઓ સમાયેલી છે એમાં હું ક્યાં જાઉં? એ બીજાની પરવા કર્યા વિના જ સાગરનો સ્વીકાર કરે છે. જે 'પર' ની પરવા કરવા જાય છે, તે ક્યારેય સર્વસ્વનો સ્વીકાર કરી શક્તાં નથી. જે બીજામાં ધ્યાન આપવા જાય છે, તે પોતાનું પણ બગાડે છે.

**ગુરુ મહત્ત્વના કે ગુરુ આજ્ઞા ???**

ગુરુનું મહત્ત્વ તો ઘણાંને હોય પણ ગુરુ આજ્ઞાનું મહત્ત્વ ત્યારે જ સમજાય જ્યારે સમર્પણ ભાવ હોય, જો સમર્પણ ન હોય તો શંકા હોય કે મારાથી આજ્ઞાનું પાલન થશે કે નહીં, હું કરી શકીશ કે નહીં, જ્યારે સમર્પણ હોય ત્યાં વિશ્વાસ હોય.

પૂજ્ય ગુરુદેવે કહ્યું છે તો જરૂર થશે અને જે મારાથી થવાનું હોય એ જ ગુરુદેવ કહે. મારા માટે 'ગુરુ' એ મારા ભગવાન છે અને ગુરુની આજ્ઞા એ મારો ધર્મ છે.

**- શ્રી પાયલબેન વોરા**

સદ્‌ગુરુ એ જ હોય જે સમયે સમયે તમારી સમર્પણતાની પરીક્ષા કરે, તમારૂં અસ્તિત્વ સંપૂર્ણ ઓગળી ગયું છે? તમારા વિચારો, તમારા ભાવો અને તમારી માન્યતાઓ ઓગળી ગઈ છે કે નહીં? તમારી ઓળખ, તમારૂં પદ અને તમારી પ્રતિષ્ઠા યાદ છે કે ભૂલાય ગઈ છે?

**સદ્‌ગુરુ એ જ હોય,**
**જે પ્રયોગ દ્વારા પ્રજ્ઞાને ખિલવે.**

જે અવરનવર અવનવા પ્રયોગ કરતાં રહે એ જ સદ્‌ગુરુ કહેવાય, એ પ્રયોગ દ્વારા તમને ખબર પણ ન પડે તેમ તમારા અવગુણોને કાઢે. પ્રયોગ દ્વારા જ એક એક સત્યની અનુભૂતિ કરાવે, એક એક વાતનું રીયલાઈઝેશન કરાવે.

**જે આકર્ષણનું નહીં આત્મિયતાનું કારણ હોય.**

સદ્‌ગુરુ ક્યારેય આકર્ષણનું નહીં, આંતરિક આત્મિયતાનું કારણ હોય. બે આત્માની ઐકયતાના સર્જનનું કારણ હોય. અનેકને સાંભળ્યાં પછી, અનેકના અનેકવાર દર્શન ર્ક્યાં પછી, અનેકની વાણી સાંભળ્યા પછી, અનેકના સાંનિધ્યમાં આવ્યા પછી પણ જે ફીલીંગ્સ ન આવે એવી ફીલીંગ્સ માત્ર એક જ વ્યક્તિના, એક જ વારના દર્શન કરવાથી આવે તે સદ્‌ગુરુ હોય.

જેમના ગમવા પર ભગવાન ગમવા લાગે, ભગવાનની વાતો ગમતા લાગે અને ભગવાન જેવા બનવાના ભાવ જાગૃત થવા લાગે તે સદ્‌ગુરુ હોય!

**જે તિન્નાણં તારયાણં હોય.**

સદ્‌ગુરુ જહાજ સમાન હોય, જે પોતે તો તરે પણ સંસાર સાગરમાં ડૂબતાં અનેક જીવોને પણ તારે.

સદ્‌ગુરુ એ ક્યારેય રાગનું પાત્ર ન હોય, એ પ્રેમનું, ભક્તિનું, પ્રેરણાનું પાત્ર હોય. એ અસત્યથી સત્યના માર્ગે લઈ જનાર માર્ગદર્શક હોય. એ અન્યથી અલગ અને અનન્ય હોય. એ અકારણ પ્રેમ અને ઋણાનુબંધનું પાત્ર હોય. એ કૃપા અને કરૂણાનો અવિરત વહેતો ધોધ હોય, એમના હૈયામાં સૃષ્ટિના જીવ માત્ર પ્રત્યે હિત, શ્રેય અને કલ્યાણની ભાવના હોય. એમની અમીદૃષ્ટિ મહામંગલકારી હોય.

**જેમની પાસે થર્ડ આય હોય.**

સદ્‌ગુરુ એ જ હોય જેમની પાસે અંતરની એક એવી ત્રીજી આંખ હોય જેના દ્વારા દુનિયાના કોઈ પણ ખૂણામાં વસતા ભક્તના ભાવો અને પ્રવૃતિને નિહાળી શકે. એની મુંઝવણને દૂર કરી શકે. ખોટા કાર્યો કરતાં અટકાવી શકે, અવળે રસ્તે જનારને રોકી શકે.

**જે આત્માનુભૂતિકર હોય.**

સદ્‌ગુરુ એ જ હોય જેમણે સ્વ સાધના દ્વરા આત્માની ઓળખ કરી હોય, આત્માનુભૂતિ કરી હોય અને અન્યને કરાવતા હોય.

**અનુભવી જ અનુભવ કરાવી શકે.**

એમ જેમણે આત્માનો અનુભવ ર્ક્યો હોય એ જ અન્યને અનુભવ કરાવી શકે. સદ્‌ગુરુ એ જ હોય જે આત્માની ઉચ્ચત્તમ દશાને પામેલાં હોય અને સદાય આત્મભાવમાં રમણ કરતાં હોય. આવા સદ્‌ગુરુને શ્રધ્ધા, ભક્તિ અને પ્રેમથી ભરેલાં હૃદયાવાસમાં બિરાજમાન કરવા એ જ સત્ય છે, એ જ જ્ઞાન છે અને એ જ પ્રજ્ઞા છે. એમના સાંનિધ્યમાં રહેવું એ પરમ સદ્‌ભાગ્ય છે. એમના સત્સંગનો લાભ મળવો એ પણ પરમ સૌભાગ્ય છે.

આવા આત્માનુભૂતિકર પાસે જઈએ ત્યારે એમની આકૃતિ કરતાં એમના આત્માના દર્શન કરવા જોઈએ. એમને જોવા અને જાણવા કરતાં એમને માણવા અને અનુભવવા જોઇએ. એમના ભાવોને, એમની આંતરિક પરિણતીઓને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. એમની આકૃતિના નહીં, એમના આત્માના દર્શન કરી સ્વયં દર્શનીય બનવાનો પુરુષાર્થ કરવો જોઇએ.

**ગુરૂ મહત્વના કે ગુરૂ આજ્ઞા ???**

ગુરૂદેવની દરેક આજ્ઞામાં કંઈક તો છૂપાયેલું હોય જ છે. કયારેક મનુષ્ય ભવની સાર્થકતા તો કયારેક ગુણ પ્રગટાવવાનો પ્રયોગ, કયારેક અજ્ઞાન અને અંતરાય દૂર કરવાની પ્રોસેસ હોય તો કયારેક પરમની પ્રાપ્તિનો માર્ગ, કયારેક સંયમિત જીવનનું મહત્વ હોય તો કયારેક પરિગ્રહ ઘટાડવાની પ્રેરણા હોય!!! આજ્ઞા પાલન માટે શ્રધ્ધા અને સમર્પણતા હોવા જરૂરી છે.

**- શ્રી કેતનભાઈ**

*Experiences*



ગુરુદેવ!

જ્યારે આપના પ્રત્યક્ષ દર્શન થાય છે,

ત્યારે અંતર આનંદથી ઉભરાય જાય છે.

ગુરુદેવ!

જ્યારે આપ વિહાર કરીને જાવ છો... અથવા

અમે આપના દર્શન કરીને પાછા સંસારમાં આવીએ છીએ

ત્યારે અંતર વેદનાથી છલકાય જાય છે

પણ...

ગુરુદેવ! જ્યારે આપના સાક્ષાત્કારનો અનુભવ થાય છે

બે અદ્રશ્ય આંખો અમને જોઈ રહી છે,

એવો અહેસાસ થાય છે.

**ત્યારે... ત્યારે ... ત્યારે...**

અંતર અનન્ય અનુભૂતિથી પુલકિત થઈ જાય છે

ગુરુપૂર્ણિમા તો વર્ષમાં એક દિવસ આવે .... પણ

ગુરુદેવ! અમારા માટે તો હર દિન અને હર પલ ગુરુપૂર્ણિમા છે....

પલ પલ આપના ચરણોમાં વંદન...

ગુરુભક્ત - કોલકત્તા

# હે પ્રભુ!

## હવે જીવવું છે મારે, તારી ઈચ્છામાં!

- રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

"એકવાર, જે **ચરણના ચેનને** અનુભવે છે, તેને જગતમાં ક્યાંય ચેન પડતું જ નથી."

**જ્યાં સુધી સમર્પણતા આવતી નથી. ત્યાં સુધી સમપ્રાપ્તિ થતી નથી.** ગૌતમને સત્યની પ્રાપ્તિ, સમ્યક્ પ્રાપ્તિ કયારે થઈ જયારે ભગવાન મહાવીરના ચરણ અને શરણમાં સમર્પિત થયાં ત્યારે !!!

ગૌતમ ભગવાન મહાવીરના ચરણમાં આવે છે ત્યાર પહેલાં ગૌતમ પાસે શું ન હતું ? ગૌતમ પાસે બધું જ હતું, જ્ઞાન હતું, શિષ્યો હતાં, અનુયાયીઓ હતાં, આશ્રમ હતો અને ગૌતમ પણ માનતા હતાં કે મારી પાસે જે છે તેવું તો કોઈની પાસે કદાચ નહીં હોય પણ ગૌતમ જયાં મહાવીરના શરણમાં આવે છે, મહાવીરને સમર્પિત થાય છે, ત્યારે તેને રીયલાઈઝ થાય છે કે મારી પાસે જે છે તે બધું તો કાચના ટૂકડા જેવું છે, જયારે આ મહાવીર પાસે તો રીયલ ડાયમન્ડ છે. જયાં સુધી રીયલ ડાયમન્ડનો અનુભવ ન થાય ત્યાં સુધી કાચના ટૂકડા ચમકતાં અને સારા જ લાગે. એમ જયારે પરમાત્મા કે ગુરુના ચરણ અને શરણનો સ્વીકાર થાય, શરણનો અનુભવ થાય, શરણમાં થતી સુખ અને શાંતિની અનુભૂતિ થાય પછી જ ખબર પડે કે આ સુખ અને શાંતિની સામે સંસારમાં હું જેને સુખ માનતો હતો તે કેટલું તુચ્છ છે ? હું જેને સુખ માનતો હતો તે સુખ ન હતું એ માત્ર અને માત્ર મારો આભાસ હતો.

અત્યારે આ શરણમાં, આ સાંનિધ્યમાં જે શાંતિ અને સમાધિનો અનુભવ થાય છે તેવો તો મેં કયારેય અનુભવ કર્યો જ નથી. અત્યારે આ શરણના કારણે મારા અંતર આત્મામાં જે આનંદના તરંગો ઉછળી રહ્યાં છે તેવો આનંદ તો મેં કયારેય અનુભવ્યો જ નથી. ગૌતમને વિશાળ આશ્રમમાં ૫૦૦ શિષ્યોના વડા તરીકે જીવવામાં વધારે આનંદ આવતો હતો કે મહાવીરના ચરણમાં... મહાવીરના અંગુઠા પર મસ્તક મૂકી ચરણમાં રહેવામાં વધારે આનંદ આવતો હશે ?

એકવાર જે ચરણના ચેનને અનુભવે છે, તેને જગતમાં કયાંય ચેન પડતું જ નથી. જયાં સુધી ચરણની અનુભૂતિ ન થાય ત્યાં સુધી સંસારના કાચના ટૂકડા સારા જ લાગતાં હોય છે. જયારે કોહિનૂર હાથમાં આવે ત્યારે જ કાચના ટૂકડાની કિંમત સમજાય.

બાળપણમાં ટેડીબેર અને રમકડાંની કારથી રમતાં હતાં તે દુનિયા અને અત્યારે યુવાનીમાં ધંધો અને સાચી કારવાળી દુનિયા... બંનેમાં ફરક લાગે કે નહીં ?

અત્યારે એ દુનિયા કેવી લાગે ? અજ્ઞાન, અણસમજ અને અબુધતાથી ભરેલી લાગે. એમ **જેટલો ફરક બાળપણ અને યુવાનીમાં છે, તેટલો જ ફરક સંસારના સુખ અને શરણના સુખમાં છે.** શરણના સુખ પછી સંસારનું સુખ અજ્ઞાન, અણસમજ અને અબુધતા ભર્યું જ લાગે. શરણમાં આવ્યા પછી વ્યકિતને સંસારમાં ગમે

નહીં, રૂચે નહીં. બીજાને મળવાનું કે બીજા પાસેથી મેળવવાનું ગમે નહીં. જે ભટકે તે ભૂખ્યા હોય જે અટકે તે તૃપ્ત હોય. તમને શેની ભૂખ હોય ? નાના ઘરમાંથી મોટા ઘરમાં જવાની, નોકરીમાંથી પોતાનો બિઝનેસ કરવાની, નવા નવા કોન્ટ્રાક્ટ મેળવવાની !

**ગૌતમને જાણીએ. ગૌતમ જેવા બનીએ !**

ગૌતમ મહાવીરના ચરણમાં આવ્યાં અને તૃપ્ત થઈ ગયાં હવે ગૌતમને બીજે ક્યાંય જવાનું મન નથી, બીજા કોઈને મળવામાં રસ નથી, અરે ! પોતાના આશ્રમમાં પણ જવાનું મન નથી અને નથી પોતાના શિષ્યોને મળવામાં કોઈ રસ કે નથી બહારની દુનિયાના લોકોને સાંભળવામાં રસ ! !

ગૌતમ બહાર ગૌચરી વ્હોરાવવા જાય ત્યારે તેને ગૌશાલક જેવા હજાર લોકો મળતાં અને મહાવીરની વિરુધ્ધમાં ગમે તે બોલતાં પણ ગૌતમ કોઈને સાંભળતાં નહીં. મહાવીરના સમયમાં મહાવીરની જેમ બીજા અનેક ધર્મના પંથે હતાં અને દરેક ધર્મના પંથો પોતાના ધર્મને જ સાચો માનવાવાળા હતાં, એટલે મહાવીરની સામે અયોગ્ય બોલવાવાળાનો કોઈ પાર ન હતો.

લોકો ગૌતમને ઉભા રાખીને કહેતાં, મહાવીર આવા છે, મહાવીર આમ કરે છે, મહાવીર તેવા છે, તે સમયે ગૌતમ શું કરતાં હતાં ? ગૌતમ એક જ કામ કરતાં... ગૌતમ મહાવીર માટે એક જ કાન ખુલ્લો રાખતાં અને મહાવીર સિવાયના માટે બંને કાન ખુલ્લા રાખતાં. મહાવીર માટે જેટલું યોગ્ય આવે તેને અંદરમાં જવા દેતાં અને જેટલું અયોગ્ય આવે તેને બીજા કાનથી બહાર જવા દેતાં હતાં પણ મોઢું ક્યારેય ન ખોલતાં.

**જે શરણમાં હોય તે હંમેશાને માટે ભગવાન કે ગુરુ માટે એક કાન અને એક મોઢું ખુલ્લું રાખે અને સંસાર માટે બંને કાન ખુલ્લા રાખે અને મોઢું બંધ રાખે.**

ગૌતમ પાસેથી આ જ શીખવા જેવું છે, આ જ શીખીને ગૌતમ જેવા બનવાનું છે. ગૌતમ મહાવીર પાસે પત્થરનું પૂતળું નહીં પણ મીઠા (નિમક) ની પૂતળી બનીને ગયાં હતાં. મીઠાની પૂતળી સાગરને માપવા જાય તો શું થાય ? સાગરમાં ઓગળી જાય અને પોતાના અસ્તિત્વને પણ ખોઈ દે અને સાગરમાં સમાય જાય, સાગર જ બની જાય. જ્યારે પત્થરનું પૂતળું સાગરને માપવા જાય તો શું થાય ? સાગરને ન માપી શકે... ન સાગરમાં ઓગળી શકે, ન સાગરમાં સમાય શકે, પણ તળિયે બેસી જાય. ગૌતમ આવ્યાં હતાં મહાવીરને માપવા પણ મીઠાની પૂતળી બનીને આવ્યાં હતાં એટલે મહાવીરમાં ઓગળી ગયાં. મહાવીરમાં સમાઈ ગયાં અને મહાવીર જેવા બની ગયાં. પૂર્ણતાને પામી ગયાં.

**શું કરતા હતા ગૌતમ ? ? ?**

સંતોની પાછળ ચાલીએ તો સંતોની ચરણરજ તમારા મસ્તકને સ્પર્શે અને સંતોની આગળ ચાલો તો તમારા પગની ધૂળ સંતોના મસ્તકને સ્પર્શે ! કરવા જેવું શું છે ? કઈ રજ કયાં પહોંચાડવા જેવી છે ? ગૌતમે શું કર્યું હશે ?

ગૌતમ મહાવીરની આગળ ચાલ્યાં હશે કે પાછળ ? ગૌતમના પગની રજ મહાવીર સુધી પહોંચી હશે કે મહાવીરના ચરણની રજ ગૌતમના મસ્તકને પહોંચી હશે ? **જો સંતના ચરણની રજ શિષ્યના મસ્તક સુધી પહોંચી જાય તો શિષ્ય માટે સુખનો સૂરજ ઉગી જાય અને જો શિષ્યના પગની ધૂળ સંતના મસ્તક કે શરીરને સ્પર્શી જાય તો શિષ્ય તારાજ થઈ જાય.**

માટે જ હંમેશા સંત કે સદ્‌ગુરુની પાછળ જ ચાલવું જોઈએ, આગળ ક્યારેય ન ચલાય. ગૌતમ જેટલો સમય મહાવીર સાથે રહ્યાં, તેટલો સમય તે અહમ્ શૂન્ય બનીને રહ્યાં. જે મહાવીર સાથે કનેક્ટેડ રહે છે તે જ તેમા તેના અહમ્‌ને ઓગાળી શકે છે, તે જ સમાઈ શકે છે.

**ગુરુ મહત્ત્વના કે ગુરુ આજ્ઞા ???**

ગુરુ એક અદ્‌ભૂત ઘટના હોય છે, એક તત્ત્વ હોય છે, એક અહેસાસ હોય છે જેને માત્ર અનુભવી જ શકાય.

મારા માટે મારા ગુરુદેવ મારા કલ્યાણ મિત્ર છે જેમના કારણે મારી લાઈફ અને મારી દ્રષ્ટિ બદલાય ગયાં છે અને ગુરુ આજ્ઞાનું પાલન કરતાં કરતાં મારો ઈગો ઘટયો છે અને સેવાના ભાવ જાગૃત થયાં છે.

**– શ્રી દીપ્તીબેન વોરા**

શિષ્ય અને સાધક હંમેશાં મીઠાની પૂતળી જેવા હોવા જોઈએ. બરફ અને પાણીમાં ફરક શું હોય ?

બરફને મૂકવા માટે વિશેષ પ્રકારનું પાત્ર જોઈએ જયારે પાણી ગમે તે પાત્રમાં સમાય જાય. હા, એ જ બરફ જયારે ઓગળી જાય અને પાણી બની જાય પછી તે પણ ગમે ત્યાં સમાય શકે !

ગૌતમ મહાવીર પાસે ગયાં ત્યારે બરફ જેવા હતાં.. પણ મહાવીરના ચરણ અને શરણની હૂંફમાં ઓગળી ગયાં અને પાણી બની ગયાં... એટલે મહાવીરમાં સમાઈ શકયાં. ગૌતમ મહાવીરને કહે છે, **''હે ભગવાન ! મારી ઈચ્છા પ્રમાણે તો મેં ઘણા જન્મો પસાર કર્યા ઘણા ભવો પસાર કર્યા, અનંતકાળ પસાર કર્યા પણ હું મને પામી ન શકયો હવે આ ભવમાં આપના ચરણમાં રહીને, આપની ઈચ્છામાં જીવીને મારે મને મળવું છે, મને પામવું છે.''**

ગૌતમને હવે મહાવીર સિવાય કોઈ દેખાતું નથી મહાવીર વિના કયાંય ગમતું નથી, મહાવીર વિનાનું જીવન મંજુર નથી. જ્યાં સુધી આપણા હૃદયમાં પણ ભગવાન પ્રત્યે ગૌતમ જેવો પ્રેમ, ગૌતમ જેવી શ્રધ્ધા અને ગૌતમ જેવી સમર્પણતા નહીં પ્રગટે ત્યાં સુધી આપણે મહાવીર જેવા થઈ શકીશું નહીં.

જ્યાં સુધી ભગવાન પ્રત્યે અહોભાવ અને ભક્તિ પ્રગટ નહીં થાય ત્યાં સુધી આપણામાં પરિવર્તન નહીં આવે.

### ગુરુ મહત્વના કે ગુરુ આજ્ઞા ???

સૂર્ય મહત્વનો કે સૂર્યનો પ્રકાશ ? આવો જ પ્રશ્ન આપનો છે. સૂર્ય છે તો પ્રકાશ છે અને પ્રકાશના કારણે તો સૂર્યની ઓળખ છે. તેમ પૂજ્ય ગુરુદેવ છે તો ગુરુ આજ્ઞા છે અને ગુરુ આજ્ઞા એ ગુરુની ઓળખ છે. ગુરુ આજ્ઞા એ ગુરુ કૃપાનો એક પ્રકાર છે અને ગુરુદેવની કૃપા વિના ગુરુની ઓળખ થવી અશકય છે, એટલે બંને એકબીજાના પૂરક છે. પૂજ્ય ગુરુદેવની સર્વ જીવ પ્રત્યેની કરૂણા જ આજ્ઞા દ્વારા કૃપા વરસાવે છે, તેમનો આ ગુણ જ તેમને 'ગુરુ' બનાવે છે. ગુરુમાં જો આ કરૂણા ભાવ ન હોય તો તે સામાન્ય હોય.

– શ્રી હેમાંગભાઈ અજમેરા

### સ્વભાવ સુધારવો છે ? યાદ કરો ગૌતમને !

સ્વભાવને સુધારવાનું જો કોઈ પરિબળ હોય તો તે એક જ છે શરણભાવ ! પોતાની બુધ્ધિથી કયારેય કોઈ પોતાને સુધારી શકતું જ નથી. પોતાની ઈચ્છાથી આવેલો સુધારો ટેમ્પરરી સુધારો હોય છે, તે કયારેય પરમેનેન્ટ નથી હોતો. સ્વભાવને સુધારવા માટે ગૌતમને યાદ કરો. ગૌતમ મહાવીર પાસે આવ્યાં તે પહેલાં અહંકારી હતાં, મહાવીરના શરણમાં અહમ્ શૂન્ય બની ગયાં ! પહેલાં એમને એમના જ્ઞાનનો ગર્વ હતો પણ શરણમાં આવ્યાં, એવાં જ એક બાળક જેવા અબૂધ બની ગયાં. **ગૌતમ આવ્યાં હતાં મહાવીરને હરાવવા, પણ પોતે જ હારી ગયાં ગૌતમ આવ્યાં હતા મહાવીરને માપવા, પણ શરણમાં આવ્યાં અને મહાવીરને માણવા લાગ્યાં.**

ગૌતમ મહાવીરના શરણમાં આવીને પોતાનો વેશ અને પોતાની બુધ્ધિ બધું જ છોડી દે છે. તે જયાં મહાવીરના ચરણમાં મસ્તક નમાવે છે ત્યારે મસ્તકમાં રહેલાં વિચારો, માન્યતાઓ, ઈચ્છાઓ બધું જ મસ્તકની સાથે સોંપી દે છે જાણે પોતાની પાસે કંઈ જ નથી, પોતે કાંઈ જ નથી એવા ભાવ સાથે એકદમ દિનહીનની જેમ બેસે છે. જ્યાં સુધી આ એકશન શરીરમાં ન આવે ત્યાં સુધી મનમાં ભાવ કયાંથી આવે ? અને મનમાં ભાવ ન આવે તો આત્મામાં અનુભૂતિ કયાંથી આવે ?

મહાવીર અને ગૌતમ હોય કે, રાધા અને કૃષ્ણ હોય કે રામ અને શબરી હોય, જે આજ સુધી કાંઈ પણ પામ્યાં છે તે પ્રેમ, ભકિત અને વિનયથી જ પામ્યા છે અને આ ત્રણે માટે જ હોય છે શરણ ! શરણમાં જે સમર્પિત થાય તે જ આ ગુણોને કેળવી શકે, વિકસાવી શકે. પ્રેમ અમે વિનય વિના શ્રેષ્ઠતાની પ્રાપ્તિ થતી નથી. જેટલાં શ્રેષ્ઠ બન્યાં છે, તેટલાં પહેલાં શૂન્ય બન્યાં છે અને જેટલાં શૂન્ય બન્યાં છે તેટલા શ્રેષ્ઠ બન્યાં છે.

**જે ભગવાન કે ગુરુના શરણમાં હોય તે ભગવાન કે ગુરુ સિવાય કોઈનું સાંભળે નહીં. જે બધાંનું સાંભળે તે કયારેય ભગવાન કે ગુરુનું સાંભળી ન શકે.** જે એકવાર શરણના સુખનો અનુભવ કરે છે તેને દુનિયાનું કોઈ સુખ, સુખ લાગતું જ નથી. શરણથી વધારે તૃપ્તિ, શાંતિ અને સમાધિ બીજે ક્યાંય હોતી નથી. જ્યાં શરણ હોય છે ત્યાં સમની પ્રાપ્તિ  છે, ત્યાં સમતાભાવ હોય છે, ત્યાં સમભાવ હોય છે.

*An emotion that words cannot express,*
*That Emotion is Runanubandh*

*A connection that is purely selfless,*
*That Connection is Runanubandh*

*A Bond that You are immensely lucky to possess,*
*That bond is Runanubandh*

*A Devotion that flows in your tears when You confess,*
*That Devotion is Runanubandh*

*A Realization that without Him, Your existence is pointless,*
*That realization is Runanubandh*

*A Vibration that resonates deep down Your Soul,*
*That Vibration is Runanubandh*

*A Feeling that He owns Your every breath,*
*That feeling is Runanubandh*

*The Ahobhaav that Because of Him, My Diamond will Shine...*

*The Fear that Without Him, I'll be lost in this World that's not Mine...*

*The Prayer that all I want,*
*Is the Privilege to be in His Shrine...*
*The Unconditional Bhaav that's so pure,*
*Where my heart worships Him as The Divine...*
*That Ahobhaav,*
*That Fear,*
*That Prayer,*
*That Unconditional Bhaav is.....*



*Runanubandh!*

# ગુરુ! તારી આજ્ઞા અમૂલ્ય...

- રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.

ગુરુદેવ પ્રત્યક્ષ હોય કે પરોક્ષ ? શું ફરક પડે જ્યારે ગુરુદેવ પ્રત્યક્ષ હોય ત્યારે અને પરોક્ષ હોય ત્યારે ? તમે જ તમારા સેલ્ફને પૂછો. ગુરુદેવ જ્યારે ગામમાં હોય છે ત્યારે શું ફીલ થાય છે અને ગુરુદેવ જ્યારે બીજા ક્ષેત્રમાં હોય ત્યારે કેવું ફીલ થાય છે ?

ઘણા કહેશે, ગુરુદેવ ગામમાં હોય તો વ્હેલા વ્હેલા ઊઠીને દર્શન કરવા જવાનું, પ્રવચન સાંભળવા જવાનું મન થાય છે, વારંવાર મન અને પગ એ જ દિશામાં દોડી જાય છે, જરૂરી કામ સિવાય કોઈ વ્યવહાર, કોઈ સંબંધ, કોઈ પાર્ટી, કોઈ મિત્રો યાદ પણ આવતાં નથી અને ક્યાંય જવાનું મન પણ થતું નથી અને જ્યારે ગુરુદેવ ગામમાં ન હોય ત્યારે ઉઠવામાં પણ આળસ આવે છે. ધર્મ ક્ષેત્રમાં પણ જવાની આળસ થઈ જાય છે, 'જવા દે ને કાલે જઈશ !' રૂટિન લાઈફ અને વ્યવહારમાં પાછા બીઝી થઈ જવાય છે. કહેવાનું તાત્પર્ય એ જ કે ગુરુ પ્રત્યક્ષ હોય ત્યારે પ્રેરણા વધારે મળે છે અને પરોક્ષ હોય ત્યારે પ્રેરણાનું તત્ત્વ ઘટી જાય છે. પ્રેરણાનો પ્રવાહ મંદ પડી જતો હોય એવું ફીલ થાય છે. એક હોય સંબંધિત વ્યક્તિ અને એક હોય ગુરુ, એક હોય સ્વજન અને એક હોય ગુરુ, બંનેમાં ફરક શું હોય ? ગુરુ શું માત્ર આપણી લાગણીના પ્રવાહને અનુભવવાનું પાત્ર હોય છે ? ના...! ગુરુ એ લાગણીને અનુભવવાનું પાત્ર ન હોય, પરંતુ આપણી અંદરમાં રહેલાં દોષો, અવગુણો અને ખામીઓને ધોનારૂં પ્રેરણાનું પાવન વહેણ હોય છે. એ પ્રેરણાને એ જ અનુભવે જેનું ગુરુ સાથે કનેક્શન સ્ટ્રોંગ હોય. **જેટલું ગુરુ સાથે કનેક્શન સ્ટ્રોંગ, એટલી પ્રત્યક્ષતા અને પરોક્ષતા શૂન્ય થતી જાય અને સાક્ષાત્કારનો અહેસાસ વધતો જાય.**

લંડનના જજ પાસે એક કેસ આવ્યો. પતિ-પત્ની બંને યુરોપિયન છે પણ એમનું બાળક 'હબસી' જેવું કાળું જન્મ્યું. પતિને મનમાં શંકા થાય છે કે નક્કી પત્નીને કોઈ બીજા હબસી કે નિગ્રો સાથે સંબંધ હશે અને આ બાળક એનું જ હશે. એટલે એ કોર્ટમાં જાય છે. પત્ની ઘણું સમજાવે છે પણ પતિને વિશ્વાસ આવતો નથી. જજે કહ્યું, મને પંદર દિવસનો સમય આપો. હું તપાસ કરાવું છું. જજે એની રીતે તપાસ કરાવી પણ કાંઈ મળ્યું નહીં, જજે કહ્યું, ચાલો, હું તમારી ઘરે આવું છું. જજ એમના ઘરે જાય છે. પતિ એમને આખું ઘર બતાવે છે, બધું બતાવતાં બતાવતાં બેડરૂમમાં આવે છે, બેડરૂમમાં જજ શું જુએ છે ? બરાબર બેડની સામે જ એક મોટું હબસી યોધ્ધાનું સુંદર ચિત્ર લગાવેલું હતું.

જજે પૂછયું, આ ચિત્ર કોણ લાવ્યું ?

પતિએ કહ્યું, સર, આ ચિત્ર અમે જ્યારે આફ્રિકા ફરવા ગયાં હતાં ત્યારે એક આર્ટ ગેલેરીમાં અમે જોયું હતું. મારી પત્નીને એ ખૂબ જ ગમી ગયું હતું અને અમે એની મોટી કિંમત ચૂકવીને અહીં લાવ્યા છીએ.

> *"ગુરુ પ્રત્યક્ષ પણ ન હોય અને પરોક્ષ પણ ન હોય, ગુરુ તો શિષ્યના હૃદયમાં પ્રેરણા રૂપે સાક્ષાત હોય."*

જજે પત્નીને પૂછ્યું, તમને આ ચિત્ર કેમ આટલું બધું ગમી ગયું ? આમાં શું વિશેષતા છે ?

પત્નીએ કહ્યું, જ્યારથી આ શૂરવીર યોધ્ધાને ચિત્રમાં જોયો ત્યારથી મનમાં એમ જ થયું, પુરુષ તો આવા જ હોવા જોઈએ, એનામાં આવી શૂરવીરતા, નિડરતા, મક્કમતા હોવા જોઈએ, આવો આત્મ વિશ્વાસ હોવો જોઈએ. બસ ! મને એનું આ વ્યક્તિત્ત્વ એટલું ગમી કે, મનમાં એક ઈચ્છા થઈ આવી કે, 'મારો પુત્ર પણ આવો જ શૂરવીર યોધ્ધો હોવો જોઈએ', રાત-દિવસ આ ચિત્રને જોઉં અને મારા પુત્રની કલ્પના કરૂં.

જજને અને પતિને આખી વાત સમજાય ગઈ.

પત્ની ભાવથી જ એ ચિત્ર સાથે એટલી કનેક્ટ થઈ ગઈ કે એનું બાળક ખરેખર 'હબસી' જન્મ્યું.

આ કેસમાં શૂરવીર યોધ્ધો માત્ર એક ચિત્ર રૂપમાં છે છતાં પત્ની માટે પ્રેરણાનું કેટલું મોટું તત્ત્વ બની ગયું હતું !! એ વ્યક્તિને જોયો નથી, મળી નથી છતાં પોતાનું બાળક એના જેવું બને એ કેવી જબરદસ્ત પ્રેરણા કહેવાય ! એ ચિત્ર સાથે કેટલી સ્ટ્રોંગલી કનેક્ટ થઈ ગઈ હશે ! માટે જ, ગુરુ પ્રત્યક્ષ પણ ન હોય અને પરોક્ષ પણ ન હોય, ગુરુ તો શિષ્યના હૃદયમાં પ્રેરણા રૂપે સાક્ષાત હોય જેનો શિષ્ય ક્ષણે ક્ષણે અનુભવ કરતાં હોય !

ગુરુના સાક્ષાત્કારને અનુભવવાનો એક જ ઉપાય છે, ગુરુ સાથેના કનેક્શનને સ્ટ્રોંગ, એકદમ સ્ટ્રોંગ બનાવવું જોઈએ, પછી ગુરુ વિશ્વના કોઈ પણ ખૂણામાં હોય તમને તમારી આસપાસ જ હોવાનો અહેસાસ થાય. ગુરુના કનેક્શનને સ્ટ્રોંગ બનાવવા માટે જરૂરી છે ગુરુની આજ્ઞાનો સ્વીકાર, ગુરુ આજ્ઞાનું નિષ્ઠા પૂર્વક પાલન !

ગુરુની આજ્ઞા એ આપણા ભાવો, વિચારો, વૃતિઓ અને ચિત્ત ઉપર કંટ્રોલ કરે છે. બ્રેક મારે છે. આપણા ભાવો પર આપણો જ કંટ્રોલ ન રહેવાનું કારણ છે, પાસ્ટ સાથે આપણું કનેક્શન ! પાસ્ટનું કનેક્શન આપણને સત્ય સમજવા છતાં ભ્રમમાં નાંખે છે. રાઈટ પાથ સમજવા છતાં રોંગ પાથ પર જવા પ્રેરિત કરે છે, રોંગ સાથે કનેક્ટ કરી દે છે.

ગુરુ શું કરે છે ? ગુરુ પ્રત્યેની સમર્પણતા શું કરે છે ?

ગુરુ આજ્ઞા દ્વારા આપણને ખબર પણ ન પડે તેમ આપણા પાસ્ટને ડીલીટ કરાવતા હોય છે.

જેમ જેમ આજ્ઞાનું પાલન વધતું જાય, તેમ તેમ સમર્પણતા વધતી જાય. સમર્પણતા તમારી ભૂતકાળની સ્મૃતિનો નાશ કરે છે. જેમ જેમ ગુરુ આજ્ઞાનું પાલન થાય છે, તેમ તેમ અંદરની બેડ મેમરીઝ ડીલીટ થતી જાય છે.

ગુરુ આજ્ઞા તમારાથી જે પાસ્ટ મેમરીઝ ડીલીટ નથી થતી તેને ડીલીટ કરે છે, તમારી વિકાર વૃતિને ડીલીટ કરે છે. ગુરુ આજ્ઞાનો બુધ્ધિને શૂન્ય કરી, હૃદયથી સ્વીકાર કરવો એ આંતરિક શુધ્ધિની પ્રોસેસ છે.

ગુરુ આજ્ઞાનું પાલન પ્રજ્ઞાનું પ્રાગ્ટય કરાવે છે.

જ્ઞાન બે પ્રકારના હોય : પ્રત્યક્ષ અને પરોક્ષ.

શબ્દો, આકૃતિ અને અવાજથી પ્રાપ્ત થતું જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે, જ્યારે રેઝ અને વેવ્સથી પ્રાપ્ત થતું જ્ઞાન પરોક્ષ જ્ઞાન કહેવાય છે.

ગુરુ જ્યારે કોઈની ઉપર અમી દ્દષ્ટિ કરે ત્યારે એ માત્ર દ્દષ્ટિ જ ન હોય, પ્રજ્ઞાનો પ્રક્ષેપ હોય, જેના કારણે સામે વાળાને બધું સૂઝવા લાગે, સ્ફુરણા થવા લાગે. જેમ શબ્દો સાંભળવાથી, શબ્દોના અંદર જવાથી આવડી જાય તેમ પ્રજ્ઞાના પ્રક્ષેપથી પણ બધું આવડવા લાગે. ગુરુ આજ્ઞા એ પ્રજ્ઞાને પ્રગટ કરવાનું પરિબળ છે. માટે જ, ગુરુની શ્રેષ્ઠતાને ક્યારેય સામાન્યમાં ન મૂકાય, શ્રેષ્ઠ વ્યક્તિની શ્રેષ્ઠતાને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમના પ્રત્યે ઉપકારભાવ હોવો જોઈએ. સદ્‌ગુરુનું સાંનિધ્ય, સદ્‌ગુરુની આજ્ઞા, ગુરુની પ્રજ્ઞા બધું જ અમૂલ્ય છે, એને ક્યારેય સામાન્ય ન મનાય.

## ગુરુ મહત્ત્વના કે ગુરુ આજ્ઞા ???

જીવનમાં પૂજ્ય ગુરુદેવના આગમનથી લાઈફમાં યુ ટર્ન આવ્યો અને એમની આજ્ઞાનું પાલન કરવાથી નેગેટીવીટી દૂર થઈ, સમયનું મૂલ્ય સમજાયું.

મારા દરેક વર્તનને જાણે ગુરુદેવ જોઈ રહ્યાં છે એવું અનુભવાય છે, મહાવીરનું માત્ર નામ જાણતી હતી હવે ઘણું બધું જાણવાના કારણે ભગવાન મહાવીર પ્રત્યે અહોભાવ પ્રગટ થયો છે, બીજાને દોષિત જોવાનો જે અંદાઝ હતો તે દૂર થઈ ગયો છે. ગુરુની આજ્ઞામાં રહેવું એ એક અલૌકિક આનંદ છે.

**- શ્રી હેમાબેન કામદાર**

*Experiences*




# a Mother's Eyes!

O Param!

I am truly blessed to be in your sharan. Words can never describe the solace which dwells in my heart, no expression or feelings can justify how fortunate I feel to be enveloped by your grace and no tears can convey how thankful I feel to find my real self. Had I never met you, would I ever meet myself...? It is you who gifted me with inner eyes so that I may see myself. It is you who showered me with words of wisdom so that I may know my true nature. It is you who inspired me to walk the path towards Parmatma... and transcend towards becoming Parmatma!

Just like a mother holds her baby's hand and shows him the way forward, you have taught me to advance on my inner journey of discovering myself. However, today I have one complaint for you...??!! A mother never leaves her child alone, a mother never departs from her child, and a mother never keeps her child away from herself in the journey of life. Then why, O Param! Did you leave me and go? Then why did you distance yourself from me? Then why am I forced to stay in this sansar while you traverse the noble path of saiyam? I understand that I am bearing the fruits of my karmas, and hence I am deprived of your sharan today. Even with my heart's deepest desire, I cannot come to you, I cannot experience your sanidhya and I cannot let my soul drench in your sharan. And I know, it is not you who distances me, it is no exterior entity which hinders me, it is my own "Antaray" that obstructs my path. Yet, even with this understanding, I urge you O Param, to help me find a way which helps me dissolve my outer existence and simply melt in your grace, in your sharan.

*O Param! I have surrendered my responsibility to you, and thus, just like a child lovingly persuades his mother to help him find the way, I earnestly pray to you to help me find my way to you. Because it is in discovering you that I discover myself, my ultimate goal - Moksh!*

Hey Aatman!

I know the pain that wrenches your heart, I know how uncomfortable your soul feels on being entwined in this sansar, in the absence of sanidhya and I know your deep thirst to transcend towards the ultimate truth. But let me tell you a beautiful secret today. A child never goes to the mother, it is the mother who goes to her child every now and then; to check if he is alright, to check if he needs something, to ensure that he does not hurt himself, and to ensure that no one harms him. She may be busy with a thousand chores, and yet, her eyes are always on her child, making sure of his well being. Have you ever seen a child go to his mother every now and then...? He is always busy in his toys, in his world. He simply has the faith, that his mother shall never let anything bad happen to him, and he feels safe by simply

knowing that his mother's eyes overlook him. Similarly, a shishya never has to go to the Guru; it is indeed the Guru who comes to the shishya!

Guru may be in any corner of the Universe, and yet, his eyes are always on his shishya, ensuring his inner upliftment and aatma kalyan!


When I have taken your responsibility, why do you worry at all? Your antaray karmas can hamper you from performing the actions of dharma, but nothing has the power to enslave your soul. Your soul is blessed with the freedom and ability to remain steadfast in your bhaav dharma and experience bhaav saiyam even in the midst of sansar, and that is the real test of your faith - your ability to hold on...

*O Dear Aatman, wherever you may be, know that I am always with you. Know that you are never alone. Just close your eyes, and you will find me... that is my gift to you!*

The true mark of Shishyatva is when the Guru takes your responsibility and promises to be with you, wherever you are. Real devotion is like the one that *Chandanbala* had for *Prabhu Mahavir*, that compelled Parmatma Himself to walk to her doorstep and take her towards *Siddhatva!*

We have climbed the footsteps of innumerable Samavasharans in our past but our life didn't change. An eternally blessed moment has come to our life today, where we share a divine connection, we share *runanubandh* with a soul who is Param, and who aspires to make us Param. It is a moment that has the power to not just change our life, but transform our soul. Let us make our samarpan bhaav so invincible that Parmatma feels compelled to come down and take us with Him, and our Guru feels moved to hold our finger and make us like Him.

Let us not let any antaray hamper our spiritual journey, and let us delve into our bhaav dharma so deeply that any roadblock or impossibility seem insignificant to us. Until now, we have experienced the Param only through our outer eyes, now let us evolve our *shishyatva* and open our inner eyes to experience *His Param Tatva.*



# कैसे बने निर्विकल्प ?



–राष्ट्रसंत पूज्य गुरुदेव श्री नम्रमुनि महाराज साहेब

**गुरु-श्रध्धा पर दृढ़ विश्वास ही सिद्धी है...**

**श्रध्धा और समर्पणता हमेशा एक के प्रति होनी चाहिए भले ही आदर भाव और सम्मान सबके प्रति हो ।**

कोई भी व्यक्ति जब गुरु या परमात्मा के साथ कनेक्ट हो जाता है तब उसकी अंतरंग और बाह्य दशा में परिवर्तन आने लगता है। परिवर्तन की यह लहर... उसके भावों में... उसके विचारों में... एक विलक्षण अनुभूति का एकसास कराती हैं । ऐसा क्यो होता है ? ? ?

ऐसा इसलिए होता है क्योंकि उसकी आँखों के समक्ष सदा गुरु या परमात्मा की आकृति दृश्यमान रहती है, कानों में गुरुवाणी का नाद और हृदय में एक अकलित स्पंदनों की निरंतरता... जो उसे एक अलग ही आंतरिक आनंद का अनुभव, कराती रहती हैं।

परंतु यह निरंतरता... यह कनेक्शन कब तक बना रहेंगा ? ? ? ज्ञानी कहते है यह निरंतरता तब तक बनी रहेगी जब तक हृदय में पूर्ण श्रध्धा का भाव हो। यह कनेक्शन तभी स्ट्रोंग होगा जब श्रध्धा दृढ़ होगी।

श्रध्धा की निरंतरता बनाए रखने के लिए आवश्यक है, सतत सानिध्य और गुरु आज्ञा का निष्ठा पूर्वक पालन ! जब गुरु का प्रत्यक्ष सानिध्य प्राप्त न हो तब 'आज्ञा' माध्यम बन जाती है। जो गुरु आज्ञा का पालन करता है वह गुरु के साथ हमेशा भाव से जुड़ा रहता है। अन्यथा व्यक्ति के भाव और विचार संसार का ही परिभ्रमण करने लगते है। सांसारिक विचारों से विकल्प बढ़ते है और श्रध्धा घटने लगती है। श्रध्धा का घटना पुन: उसी अवस्था को प्राप्त करना है जहाँ व्यक्ति का अहं बोलता है, 'गुरुदेव तो अपने ही है ! जब मिलने जाएगे दर्शन तो हो ही जाएगे ! हम से तो वे मिलेगे ही !'

पर याद रखें... शिष्य के निर्विकल्प भावों का प्रभाव जब गुरुदेव अनुभव करते है तब ही वे शिष्य के साथ कनेक्ट होते है। निर्विकल्प तभी बना जाता है जब पूर्ण श्रध्धा-भाव हो। श्रध्धा-भाव की पारिपूर्वता से ही निर्विकल्प दशा पाई जाती है। जैसे-जैसे व्यक्ति निर्विकल्प होता है, वैसे-वैसे उसकी ओरा, उसके भाव, उसके चेहरे का स्मित अलग ही हो जाता है... शिष्य के इन्ही भावों का प्रभाव गुरु भी अनुभव करने लगते है तब गुरु-शिष्य से कनेक्ट होते है।

गुरु हमेशा किसी भी व्यक्ति को उसकी योग्यतानुसार ही कनेक्शन में रखा करते हैं।

**जिनकी श्रध्धा शंका रहित हो**
**वही गुरु के साथ हार्ट टू हार्ट कनेक्ट हो सकता है।**

जहा पूर्ण श्रध्धा का भाव ना हो वहाँ बुध्धि के विकल्प जोर पकड़ते है। इसका उदाहरण है एक व्यक्ति कुछ ही दिन हुए गुरु के कनेक्शन में आने बाद दिन-ब-दिन अपनी स्पीरिच्यु-अल लेवल को बढ़ाता है, आध्यात्मिक प्रगति करता है, आत्मविकास करता है जबकि अन्य व्यक्ति दो, पांच, सात वर्षों से आ रहे, गुरुदेव के संपर्क में है फिर भी उनमें परिवर्तन नहीं आता, एसा क्यों हुआ ?

**वर्षों से जुड़े व्यक्ति आँखों से गुरुदेव की आकृति ही देखते थे जबकि कुछ दिनों से जुड़ा व्यक्ति आत्मा से गुरुदेव का अनुभव करता था।**

अत: जैसे-जैसे उसका आत्मिक कनेक्शन बढ़ता गया वैसे-वैसे उसकी वृत्ति भी गुरु जैसी ही होने लगी। गुरु की वृत्ति जब शिष्य की वृत्ति बनने लगे तब समझो दोनों एकमेक हो गए। गुरु को ध्यान-साधना पसंद है तो शिष्य की रुचि भी ध्यान-साधना ही है। गुरु को क्वॉलिटी पसंद है तो शिष्य को भी क्वॉलिटी ही पसंद है। गुरु को क्लीननेस पसंद है तो शिष्य को भी क्लीननेस ही पसंद है। जब वृत्ति एक हो जाती है तब प्रवृत्ति एक हुए बिना नहीं रह पाती। जब वृत्ति और प्रवृत्ति एक हो जाती है तो संसार में रहकर भी आनेवाले भव में गुरु के साथ कनेक्ट रह पाए ऐसे पुण्य का बंध होता है, ऐसे गुडलक बनते है।

**जो कनेक्ट नहीं हो पाए उन्होंने मात्र आँखों से आकृति ही देखी, अंतरमन से नहीं देखा, अंतरमन से नहीं देखा इसलिए दर्शन नहीं कर पाए। वृत्ति एक ना बनी इसलिए प्रवृत्ति एक ना बनी, प्रवृत्ति एक ना बनी इसलिए कर्म एक ना बने, कर्म एक ना बने इसलिए जन्म एक साथ नहीं हुआ.**

इसीलिए कनेक्शन डिसकनेक्ट हुआ और डिस्टन्स बढ़ गया। तभी तो किसी-किथीको बचपन से ही गुरु मिल जाते हैं तो कि सी को 25-30 वर्ष की आयु में, तो किसीको अंत समय में ही गुरु मिलते है।

जो वृत्ति और प्रवृत्ति को एक करके आते है उनका बचपन से ही गुरु के साथ योग हो जाता है।

**जैसी वृत्ति वैसी प्रवृत्ति, जैसी प्रवृत्ति वैसे कर्म,**
**जैसे कर्म वैसा फल, जैसे भाव वैसी ऐक्शन,**
**जैसी ऐक्शनस् वैसा रियेक्शन्स.**

हम जिसे 'भव' मानते है वह, भव भी तो वस्त्र के समान ही है। जैसे वस्त्र बदलते रहते है वैसे भव भी बदलते रहते है।

गुरु के साथ हमारा कनेक्शन क्या इसी भव से है ?

क्या इसी भव तक हमारा कनेक्शन गुरु के साथ रहेगा ?

नहीं... ऐसा नहीं है ! गुरु के साथ हमारा कनेक्शन भवो भव से था तभी तो इस भव में गुरु के साथ योग हुआ है। याद रखे...

**जितनी श्रध्धा ज्यादा उतनी निर्विकल्प दशा श्रेष्ठ,**
**जितनी निर्विकल्प दशा श्रेष्ठ उतना वृत्ति एक्य ज्यादा**

जहाँ वृत्ति में एक्यता आ जाती है वहाँ सर्व स्वीकार की भावना रहती है और जहाँ सर्व स्वीकार की भावना हों वहाँ आचरण सहज हो जाता है। इसलिए अपनी श्रध्धा की उत्तरोत्तर अभिवृध्धि कर हम आनेवाले भव की तैयारी कर रहे है।

श्रध्धा की कमी गुरु के साथ रहे कनेक्शन को कट कर देती है अत: गुरु स्नेह रुपी सरोवर में शिष्य का मछली बनकर तैरना बंद हो जाता है।

अर्थात शिष्य जब गुरु के भाव में रहता है तब उसके अंग-प्रत्यंग से प्रसन्नता की एक अद्भूत लहर झलकती है, समाधि भाव की अनुभूति होती हैं। जैसे-जैसे श्रध्धा घटती जाती है, वैसे-वैसे विकल्प बढ़ते हैं और जैसे-जैसे विकल्प बढ़ते हैं वैसे-वैसे गुरुकृपा का करंट मिलना बंद हो जाता है।

यह कनेक्शन ऐसा ही है जैसे मोबाईल से सीम कार्ड बेलेन्स का। वोडाफोन, रिलायंस, एयरटेल कंपनी से सीम कार्ड द्वारा हजारों-लाखों ग्राहए जुड़े है, पर जैसे ही पता चलता है कि आपके नंबर का मोबाईल बेलेन्स पूरा हो गया है वैसे ही ऑटो प्रोसेस द्वारा आपका मोबाईल बंद हो ही जाता है। फिर चाहे जितने बटन्स दबाओ, चाहे जितनी ट्राय करो सब व्यर्थ है क्योकि आप डिस्कॅनेक्ट हो जाते हो।

अब क्या करोगे ?

डिसकनेक्ट से कनेक्ट होने का एक ही उपाय है रिचार्ज करना। रिचार्ज करने के बाद ही मोबाईल ऐक्टीवेट

होता है। ऐसा तो कभी नहीं होता कि दो सौ का बेलेन्स हो और कम्पनी तीन सौ का टॉक टाईम दे देयहाँ तको बेलेन्स पूरा हुओ तो तरन्त कनेक्शन ही कट हो जाता है।

कुछ इसी तरह है गुरु और भक्त का कनेक्शन। गुरु के हजारों, लाखों भक्त क्यो न हो, चाहे मीलो दूर हो या पास हो, गुरु को यह पता ही रहता है कि कौनसा भक्त अभी कौनसे भाव में है ? उसके मन में कितने विकल्प उठ रहे है ? कौन प्रमाद भाव में है और कौन प्रगति भाव में ? गुरु नाम की कंपनी में भक्त के श्रध्धा भाव का बेलेन्स हमेशा ऐक्टिवेट रहता है, क्योंकि गुरु हमारी प्रत्येक फ्रीक्वन्सि से जुड़े रहते है। जैसे ही श्रध्धा का बेलेन्स निल हो जाता है, गुरु से जुड़ी हमारी फ्रीक्वन्सि का कनेक्शन भी डिस्कनेक्ट हो जाता है।

**"गुरु वही जो प्रत्येक भक्त के हृदय भाव जाने"**

भक्तों के मन-मन की, समय-समय की, घट-घट की बातों को जो जान पाएँ वे ही गुरु होते हैं। जिस दिन से आप गुरु धारण करते हो और गुरु आपको स्वीकारते है उसी दिन से आपको अपनी श्रध्धा में नि:शंक और निर्विकल्प होकर उत्तरोत्तर अभिवृध्धि करनी चाहिए ।

शिष्य को चाहिए कि वह अपनी श्रध्धा वारंवार चेक करता रहे । यदि उसकी श्रध्धा में कहीं पर भी जरासा भी विकल्प आ गया तो समझ लो गुरु कृपा तो मिलने रही पर उसके भी आगे भविष्य में न तो वह जैन धर्म पाता है, न शिष्यत्व और ना ही श्रावक पद प्राप्त कर सक्ता है । इसीलिए उसे बार-बार अपनी श्रध्धा चेक करते रहनी चाहिए। जितनी श्रध्धा दृढ़ होगी उतनी निर्विकल्प दशा प्राप्त होगी और जितनी निर्विकल्प दशा प्राप्त होगी उतना ही गुरु के साथ शिष्य का भाव कनेक्शन स्ट्रॉंन्ग होता जाएगा। श्रेष्ठ की प्राप्ति पश्चात श्रेष्ठ के प्रति अहोभाव वारंवार श्रेष्ठ प्राप्ति का कारण बनता है और श्रेष्ठ के प्रति अवमूल्यन श्रेष्ठ से दूर होने का कारण बनता है । गुरुभाव से कनेक्शन जब स्ट्रॉंन्ग होता है तब शिष्य की आत्मा का कोई अहित न हो इस बात का गुरु पूर्णत: खयाल रखेत है... उसके निध्धत कर्म किस तरह से क्षय हो जाए और निकाचित कर्मो को भुगतते हुए शिष्य का समभाव किस तरह से बना रहे इस बात का भी गुरु पूरी तरह से ध्यान रखते है। श्रध्धा पर दृढ़ विश्वास ही सिध्धि है ।


પધારો...
ગુરુદેવ...
પધારો...

આપ સર્વના
આગમનને...
પ્રેમના પુષ્પોથી
વધાવીએ...

Arihant

Marketing | Export

Tejas Timabadia
9825021062

Deven Jhatakia
9429065897

*Kurtis, Leggings*
*Patiala & Duppatta*

Dharnidhar Tower,
Opp. Dharnidhar Derasar,
Vasna, Ahemadabad-380007.
Tel.: 079-26600436, 26641770, 26611770
Email: dapzindia@gmail.com, dapzindia@ymail.com


# હે ગુરુદેવ !

આપના હર એક શબ્દમાં અમારૂં શ્રેય છે.
આપના આગ્રહમાં અમારૂં આત્મહિત છે.
આપની કરૂણામાં અમારૂં કલ્યાણ છે.
આપની પ્રેરણામાં અમારી પ્રગતિ છે.
આપના સ્નેહમાં જીવન જીવવાની સંજીવની છે.
આપના ચરણમાં અમારૂં સ્થાન છે.
આપના શરણમાં અમારૂં સર્વસ્વ અર્પણ છે.
આપના સાંનિધ્યમાં શીતળ છાયા છે.
આપના હૃદયમાં સ્થાન મળે એ અમારી ભાવના છે.
આપના આર્શીવાદમાં અમૃતના પાન છે.
આપની કૃપાથી સર્વ કાર્ય સફળ છે.


## ગુરુદેવ !

આપના ચરણ કમલમાં કોટિ કોટિ વંદના...

- ગુરુ આજ્ઞા સત્સંગ ગ્રુપ-દાદર | લુક એન લર્ન જૈન જ્ઞાનધામ-દાદર-માટુંગા
અર્હમ યુવા સેવા ગ્રુપ-ચિંચપોકલી, માટુંગા, તારદેવ




- ગુરુભક્ત શ્રી દુગડ પરિવાર



જે પ્રત્યક્ષ ન હોવા છતાં
મને પલ પલ પાસ હોવાની પ્રતીતિ કરાવે છે!

પલ પલ આસપાસ હોવાનો
અહેસાસ કરાવે છે!

પલ પલ પ્રેરણા આપે છે.
પલ પલ કૃપા વરસાવે છે.

એવા મારા અસીમ ઉપકારી ગુરુદેવ!

**આજના પરમ પાવન અવસરે**
**આપને અમારી પ્રેમભરી વંદના!!**

- ગુરુભક્ત

પરમ પંથના પ્રવાસી સાથે...

# પરમની યાત્રા



## આવો...

*ગુરુ આદેશને અનુસરીને... આત્મ ચિંતન કરીએ... આત્મભાવમાં સરીએ...*

**– રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.**

હે આત્મન્ ! આ ઋણાનુબંધથી સર્જાતો એક ન સમજાય એવો સંબંધ છે, જેમાં સંબોધન વિનાનું સંવેદન છે. તું જેને એક વ્યક્તિ માને છે, એક વ્યક્તિ તરીકે ઓળખે છે, તે એક વ્યક્તિત્વ છે. તારા હિતકારી છે, તે સ્વયં પરમ પંથના પ્રવાસી છે અને તને પરમની યાત્રામાં લઈ જવા આવ્યા છે.

હે આત્મન્ ! સમજી જા ! 'પર' ની યાત્રા તો ખૂબ કરી છે, હવે આ ભવે પરમ ગુરુનો યોગ થયો છે, પરમ કનેક્શન થયું છે ત્યારે તેનું રીઝન અને વિઝન સમજી જા.

શું આ કનેકશન એ કોઇ આકર્ષણ છે ?

ના, આ કનેકશન એ ઋણાનુબંધ છે અને ઋણાનુબંધના કારણે સર્જાતી સમર્પણતા એ આત્મ ઐકયતા હોય છે. આત્મિયતા હોય છે. એ સમર્પણતામાં કોઇ વિકલ્પ હોતા નથી નિર્વિકલ્પ સમર્પણતા શિષ્યભાવને પ્રગટાવે છે. જેમ જેમ શિષ્યભાવ પ્રગટે છે તેમ તેમ શૂન્યતા પ્રગટે છે.

હે આત્મન્ ! આજે... આ ભવે... પરમનો યોગ થયો છે ત્યારે જો તું બુધ્ધિનો ઉપયોગ કરીશ તો પરમનો યોગ પામીને પણ પર નો યોગ અનુભવીશ.

હે આત્મન્ ! જે તારી સાથે ભવોભવથી જોડાયેલાં છે તેને તું કેવી રીતે ભૂલી શકે ? ઋણાનુબંધના કારણે અનુભવાતા ડીવાઇન પ્રેમને તું આજ સુધી નથી શોધી શકયો તો પછી એ કારણને શા માટે શોધી રહ્યોં છે ? તું એકવાર સમર્પિત થઇ જા સત્‌ના સાંનિધ્યે સોંપાય જા ! પણ ના... તારાથી એ નથી થતું કેમકે પર નો મોહ તને અટકાવે છે.

તારી બુધ્ધિ તને અટકાવે છે. તારો સંસાર પ્રત્યેનો રાગ તને અટકાવે છે.

પણ યાદ રાખ...

*'પર' સાથે જોડાઈને, તો આજ સુધી પરિભ્રમણ જ કર્યું છે, હવે 'પરમ' સાથે જોડાઈને પરમની યાત્રાનો પથિક બની જા !*

હે આત્મન્ ! માહિતીના આધારે પરમ સુધી પહોંચવું ખૂબ જ કઠિન અને અશક્ય છે. કારણકે મોહની સામે માહિતી ટૂંકી પડે છે. મોહની સામે માહિતી બહુ જ અલ્પ છે, મોહને મારી શકે એવી માહિતીની ક્ષમતા નથી, એવી સમજની પણ ક્ષમતા નથી, માટે જ હે આત્મન્ ! ભગવાને બે માર્ગ બતાવ્યાં છે !

એક માર્ગ છે પ્રેમનો માર્ગ, ભક્તિનો માર્ગ અને બીજો માર્ગ છે પ્રજ્ઞાનો માર્ગ... જ્ઞાનનો માર્ગ ! !

પ્રજ્ઞાના માર્ગ કરતાં પણ પ્રેમનો માર્ગ સહજ છે.

*જ્યાં પ્રેમ હોય છે, ભક્તિ હોય છે ત્યાં સંપૂર્ણ*

*સમર્પણતા હોય છે, નિર્વિકલ્પ સમર્પણતા હોય છે.*

હે આત્મન્ ! આજે આ યોગ થયો છે, અપૂર્વ યોગ સર્જાયો છે, ત્યારે સમર્પણ ભાવે મનના, બુધ્ધિના દ્વાર બંધ કરી દે અને હૃદયના દ્વાર ખોલી દે !!! તું પરમના યોગનો અનુભવ કરી શકીશ.

હે આત્મન્! આ બુધ્ધિએ જ તને સાપસીડીની રમતની જેમ ઉપર ચઢયા પછી પણ નીચે ઉતારી દીધો છે. પરમાત્મા પાસે જઈને પણ તારા મનમાં પ્રશ્ન ઉઠયો હતો કે સર્વસ્વના ત્યાગીને સોના-ચાંદીના સમવશરણની શા માટે જરૂર પડી ? ? ? અને એટલે જ પરમાત્માને ગુમાવી દીધાં હતાં. હવે આ ભવે પણ બુધ્ધિનો ઉપયોગ કરીશ તો 'પરમ' ને પામ્યા પછી 'પરમ' ને ગુમાવી દઈશ.

હે આત્મન્ ! સમજી જા, તને સમજાય કે ન સમજાય, તને યોગ્ય લાગે કે અયોગ્ય, તને ખબર પડે કે ન પડે, તું નિર્વિકલ્પ બની ગુરુના દરેક સંકેતને સ્વીકારતો થઈ જા.

કેમકે, ગુરુ રાગમાં પાડીને પણ વીતરાગી બનાવવા ઈચ્છતા હોય છે. ગુરુ રાગ તરફ લઈ જઈને પણ વૈરાગી બનાવતાં હોય છે. માટે જ, પરમાત્માએ પણ ગુરુ પ્રત્યેના રાગને બાધક ન કહેતાં સાધક કહ્યો છે.

સમર્પણતા ગુરુભાવ સમીપ લઈ જાય છે.

બુધ્ધિ ગુરુભાવથી દૂર લઈ જાય છે.

સમર્પણતા આત્મિક દર્શન કરાવે છે.

બુધ્ધિ આકૃતિના દર્શન કરાવે છે.

હે આત્મન્ ! તું પરમ પુરુષની આકૃતિને નહીં, એમના આત્માને સમજ, એમની આત્મિક પરિણતીઓને ઓળખ, એમના આત્મભાવનો અનુભવ કર.

પરમ તત્ત્વને ક્યારેય સમજવાનું ન હોય, એને સ્વીકારવાનું હોય.

*આત્માભાવો સાથે જેમ જેમ ઐક્યતા સર્જાશે*
*તેમ તેમ ગુરુતત્ત્વનો અહેસાસ થવા લાગશે.*
*જેમ જેમ સમર્પણતા વધશે તેમ તેમ*
*ગુરુકૃપાનો અનુભવ અનન્ય થવા લાગશે.*

હે આત્મન્ ! તારી બુધ્ધિ તારી કૃપાના કનેક્શનને કટ કરી નાખે છે.

હે આત્મન્ ! અમે તો પરમ પંથના પ્રવાસી છીએ અને અલ્પ સમયમાં અમારો પ્રવાસ પૂર્ણ કરવાના છીએ. આ પરમ યાત્રામાં તમને સાથે લઈ જવાની અમારી એક કરૂણા છે, એક વાત્સલ્ય છે, એક અકારણ પ્રેમ છે, ઋણાનુબંધનું સ્નેહ સંવેદન છે, એક આત્મિય ભાવ છે.

હે આત્મન્ !

તું આ ભાવને, આ કરૂણાને સમજી જા, સંસારમાં તો તે સ્વાર્થ ભરેલા પ્રેમનો જ અનુભવ કર્યો છે, અહીંયા આ નિઃસ્વાર્થ નિર્મળ, નિર્વિકાર વાત્સલ્યને સમજી નહીં શકે ? ? ?

હે આત્મન્ !

આ નિર્વિકાર વાત્સલ્ય એ જ તારી પરમની યાત્રાને આધિન છે, પરભવનું ભાથુ છે, એક અતુલ્ય અપ્રગટ શક્તિ છે જેના આધારે તું સંસારમાં અલિપ્ત રહી શકીશ.

હે આત્મન્ !

સમજ... અને પૂર્ણ સમર્પણતાની પાવન ગંગામાં ડૂબકી મારી દે. પૂર્ણ અર્પણતાની ભાવનામાં તારા અસ્તિત્વને ઓગાળી દે. આ જ અપૂર્વ અવસર છે. યોગાનુયોગ છે. આ જ ઋણાનુબંધ છે !!!

હે આત્મન્ !

આ સંકેતને સમજી જા, પરમ પંથના પ્રવાસી સાથે પરમની યાત્રામાં જોડાઈ જા !!!

## ગુરુ મહત્ત્વના કે ગુરુ આજ્ઞા ???

મારા માટે તો ગુરુદેવ પણ એટલાં જ મહત્ત્વના છે અને એમની આજ્ઞા પણ એટલી જ મહત્ત્વની છે.

હું ખરેખર ખૂબ જ લક્કી છું કે મને આવા ગુરુદેવ મળ્યાં જે મારા આત્માનું હિત ચાહે છે અને આત્મશુધ્ધિ માટે અલગ અલગ આજ્ઞા આપે છે.

પૂજ્ય ગુરુદેવની દરેક આજ્ઞા સરળતાથી પાળી શકું છું અને અવગુણો કેવી રીતે દૂર થઈ જાય છે ખબર જ પડતી નથી.

– શ્રી પ્રેક્ષાબેન અજમેરા




SHREE KANTIBHAI KAPASI AND KAPASI FAMILY WELCOME

**GURUDEV NAMRAMUNI MAHARAJ SAHEBJI**

MAY YOUR DIVINE PRESENCE ENLIGHTEN EVERYONE'S LIFE WITH BLISS!

KAPASI HANDICRAFTS EMPORIUM

**A Window to the World of Indian Handicrafts and Artefacts**

WIDEST RANGE OF PRODUCTS TO CHOOSE FROM


POOJA MANDIR • INDIAN SWINGS • SCULPTURES • PAINTING • HOME DECOR

**Free shipping to USA**

**100%**
- DUTY PAID
- DAMAGE FREE
- HASSLE-FREE
- NO HIDDEN COST

Since 1973 KAPASI® HANDICRAFTS EMPORIUM

Jitendra Chamber, Income Tax, Ashram Road,
Ahmedabad - 380 014
C: +91 98242 73442 | E: rajukapasi@gmail.com
www.kapasi.com



# PARTNERSHIP WITH PARMATMA

- SHREE PARAG BHAI SHAH

ગુરુદેવના સંપર્કમાં આવ્યાં પહેલા પૂના પાસે એકસો એકરની જગ્યામાં અમારું ઘોડાઓનું એક સ્ટડ ફાર્મ હતું. અમે એમાં ત્રણ પાર્ટનર્સ હતાં. જેમાનાં એક લંડન સ્થિત એન.આર.આઈ. હતાં. ફાર્મની રોજબરોજની જરૂરીયાતની જવાબદારી મારા પર હતી. આ સ્ટડ ફાર્મને કારણે મારા ઘરમાં માનસી તથા મમ્મી-પપ્પા સાથે ઘણી વખત વિવાદ થતા હતા. તેમના મતે આપણે જૈન હોવાથી સ્ટડ ફાર્મનો બિઝનેસ ન કરવો જોઈએ અને મારી દલીલ હંમેશા રહેતી કે સ્ટડ ફાર્મમાં એક તો આપણે ઘોડાઓનું ધ્યાન રાખીએ, તેમની સંભાળ કરીએ અને માવજત પણ કરીએ પછી પાપ શેનું ?

ગુરુદેવ મળ્યાં પછી મેં તેમને પૂછ્યું કે શું સ્ટડ ફાર્મનો ધંધો કરવો એ પાપ બાંધવાનું નિમિત્ત છે ? ગુરુદેવે મને સામે પૂછ્યું કે,''જો મારો 'હા માં જવાબ હશે તો તુ શું કરીશ ?'' અને મેં તેમને કહ્યું, *''જો સ્ટડફાર્મ ચલાવવાથી પાપ લાગતું હોય અને તમે મને પાપનું કારણ સમજાવી શકશો તો હું સ્ટડ ફાર્મનો ધંધો બંધ કરી દઈશ.''*

ગુરુદેવે મને સમજાવ્યું કે, ''જેનો તમે ઉછેર કરો છો, તેનો હેતુ વ્યવસાયિક છે. તમે તમારા લાખો રૂપિયાના નફાને રળવા ઘોડીઓને વારંવાર ગર્ભધારણ કરાવી, ઘોડાઓનો જન્મ અપાવો છો તેથી તે ધંધામાં પાપ છે.'' ગુરુદેવની વાત મને સ્પર્શી ગઈ અને મેં આ ધંધાની ભાગીદારીમાંથી છૂટા થવાનું નક્કી કર્યું. ઘોડાઓની રોજબરોજની જવાબદારી મારા ઉપર હોવાથી આ ધંધામાંથી કેમ છૂટો થઈશ તેની મુંઝવણ થવા લાગી. આ કોઈ ફેક્ટરી કે દુકાન તો ન હતી કે, બસ, ઈચ્છા થઈ અને ધંધો બંધ કરી નાંખ્યો ! સ્ટડ ફાર્મનો ધંધો એક એવો ધંધો છે કે જેને વેચવા જાવ તો કરોડના પચાસ લાખ પણ ન મળે અને ખરીદો તો કરોડના બે કરોડ પણ આપવા પડે. વળી, ફાર્મ પર ધ્યાન ન આપીએ તો 300 થી વધારે ઘોડાઓ, જે ત્યાં હતા, એમનું શું થાય ? આપણી બેજવાબદારીના કારણે જો કોઈ ઘોડાનું મૃત્યુ થાય તો તે પાપમાંથી મુક્ત ન થઈ શકાય.

મેં ગુરુદેવને મારી મુંઝવણ સમજાવી અને કહ્યું કે, ''ગુરુદેવ, જ્યાં સુધી ફાર્મ સંભાળવા માટે કોઈ બીજો પાર્ટનર ન મળે ત્યાં સુધી મારે જવાબદારી લેવી જ પડે.'' મારી તકલીફ જુદી હતી. પૈસાનું રોકાણ કરનારા કદાચ મળી રહે પણ સાથે ધંધામાં રોજબરોજનું ધ્યાન રાખે તેવો પાર્ટનર મળવો અત્યંત મુશ્કેલ હતો.

*ગુરુદેવે કહ્યું, ''ફિકર ન કર, ત્રણ મહિનામાં તું રાજીખુશીથી અને સ્વેચ્છાએ આ ધંધામાંથી બહાર નીકળી શકીશ.''* બે અઢી મહિના થયા હશે અને ખુશીનું કિરણ દેખાયું, મારા જ એક મિત્રને મારો ભાગ ખરીદવામાં રસ પડ્યો. ત્યાં જતાં પહેલા, ગુરુદેવના દર્શન કરી આશીર્વાદ




લેવા માટે ગયો. ગુરુદેવે આશીર્વચન આપતા માત્ર એટલું જ કહ્યું, 'શુભમ્ ભવઃ'.

તે સમયે મેં સ્ટડ ફાર્મમાં મારા ભાગના બે કરોડ અને 40 લાખ રૂપિયા રોકેલ. મને ખબર હતી કે સામેની વ્યક્તિ મને એક કરોડની ઑફર આપે તો પણ મારે માનવું જ પડશે.

મિટીંગમાં જતી વખતે મેં વિચાર્યું કે મને બે કરોડ રૂપિયા મળે તો હું ખુશ છું અને જો બે કરોડથી વધારે રૂપિયા મળે તો તેટલી રકમ હું ધર્માદામાં વાપરીશ. આવું નક્કી કરીને હું મિટીંગમાં પહોંચ્યો, નવો આવનાર પાર્ટનર પણ મારો જુનો મિત્ર જ હતો તેણે મને કહ્યું કે, ''બોલ કેવી રીતે નક્કી કરવું છે ?'' અને હું તો હજી એને કહેવા જતો હતો કે, ''મેં બે કરોડને 40 લાખ રૂપિયા લગાડ્યા છે. પણ...'' એટલું બોલુ ત્યાં તો તેણે કહ્યું કે, ''હું તને બે કરોડ અને 40 લાખ રૂપિયા જ આપીશ, નફો નહીં આપું.'' હું ખૂબ જ ખુશ થયો કારણ કે હું તો તેને કહેવા જતો હતો કે, ''મે બે કરોડ ને 40 લાખ રોક્યા છે પણ તમને જે વ્યાજબી લાગે તે મને મંજૂર રહેશે.'' હું વાક્ય પૂરું કરું તે પહેલા જ તેમણે 2 કરોડ 40 લાખમાં સોદો નક્કી કરી નાંખ્યો.

સાંજના ફરી ગુરુદેવ પાસે ખુશખબર આપવા ગયો મને જોતાં જ ગુરુદેવે કહ્યું ''તે આજે મિટીંગમાં જતાં પહેલા જે નક્કી કર્યું હતું તે ભૂલતો નહીં.'' હું વિચારવા લાગ્યો કે આ વાત તો મેં કોઈને કરી જ નથી તો ગુરુદેવને કેમ ખબર પડી ? મેં ગુરુદેવને સામું પૂછ્યું કે,''ગુરુદેવ, મેં શું નક્કી કર્યું હતું ?'' તેઓ હસ્યા અને બોલ્યા કે, તને તો બે કરોડ જોઈતા હતા. તારો સોદો બે કરોડને ચાલીસ લાખમાં થયો. તે ચાલીસ લાખ રૂપિયા સમયસર સત્કાર્યમાં વાપરી લેજે. હું તરત ગુરુદેવના પગે પડ્યો અને તે ચાલીસ લાખ રૂપિયાના ડૉનેશનનું ખાતુ મારી ડાયરીમાં બનાવ્યું.

તે દિવસ, તે ઘડી, કોઈ ઉત્કૃષ્ટ મુહૂર્તની હશે કે મને સારા કામોમાં પૈસા વાપરવાની પ્રેરણા અને સદ્‌બુદ્ધિ મળી, તે દિવસથી મેં નક્કી કર્યું કે મારી આવકના અમુક ટકા (%) હું સારા કાર્યોમાં વાપરીશ.

*સારા કાર્યો એટલે શું ? જે કાર્ય, સમાજનાં કોઈ પણ વર્ગનાં ઉત્કર્ષ માટે માનસિક શાંતિ, શારીરિક શાતા અને આત્મિક આરામનું કારણ બને.*


તે પ્રસંગ પછી મેં નક્કી કર્યું કે આજથી ભગવાન મારા દરેક ધંધામાં, દરેક આવકમાં ભાગીદાર રહેશે. જે દિવસથી ભગવાન ભાગીદાર બન્યા, પરમાત્મા પાર્ટનર બન્યા ત્યારથી મારા ધંધામાં નીતિને પ્રાધાન્ય મળવા લાગ્યું. રૂપિયા કમાવવા માટે સાચું/ખોટું કરવાનું બંધ થઈ ગયું. કરવાનું તો છોડો, વિચારવાનું પણ બંધ થવા લાગ્યું ! મને કદી તેજી કે મંદીની અસર ન થઈ, માનસિક રીતે ધંધાના ટેન્શન ન રહ્યા, પૈસાની પાછળ દોટ લગાડવાનું બંધ થઈ ગયું. આજ સુધીમાં મેં કે મારા પરિવારે સત્કાર્યોમાં જે પણ યોગદાન આપ્યું તે પછી પણ ચાલીસ લાખ મૅજીક ફીગર બની ગઈ.

ગુરુદેવની મારા ઉપર શું અનેરી કૃપા હશે કે મારા હાથે અનેક પરોપકારના કામ થવા લાગ્યા. હું જાણું છું કે હું તો ફક્ત નિમિત્ત માત્ર જ છું, ખરેખર તો ગુરુદેવની કૃપાદૃષ્ટિ અને આશીર્વાદ જ કારણભૂત છે.

*ભગવાનને ભાગીદાર બનાવવાનો અમૂલ્ય મોકો આપ સર્વેને પણ હંમેશા મળેલો જ છે, તેનો લાભ અવશ્ય લેજો, જેનાથી તમારા ઘરે પણ સુદ્ધી આવક આવતી થાય, જેનાથી તમારા અને તમારા પરિવારના વિચારો શુદ્ધ થાય, જેનાથી આપનું, આપના પરિવારનું કે આપના હસ્તે સમાજનું શુભ થાય.*

# મારો વિચાર !

## – શ્રી ચંદુભાઈ મહેતા (રાજકોટ)


Chandubhai Mehta & Co.

રાષ્ટ્રસંત પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ,

સાદર નમસ્કાર !

આપ જૈન સમાજનાં દરેક ક્ષેત્રમાં, સમાજના ઉત્કર્ષ માટે તથા યુવાનોને ધર્મ પ્રત્યે આકર્ષવા - પ્રેમભાવના વધારવા માત્ર અનેક યોજનાઓ મૂકો છો એટલું જ નહીં પણ દરેક યોજના ટૂંકા સમયમાં પૂરી કરવાની આપની ક્ષમતા અદ્‌ભૂત છે. આપની દીર્ઘ દ્રષ્ટિથી આ બધાં કાર્ય સંપૂર્ણપણે સારી રીતે ચાલી રહે છે.

હું મારી સમજ પ્રમાણે એક વિનંતી કરું છું, પણ આપના વિચારમાં આ યોજના હશે જ...

**‘આપણા સમાજમાં સિનિયર સિટિઝનનો પ્રોબ્લેમ ઘણો જ છે.** તેમના માટે ઘરડા ઘર નહી પણ સન્માન પૂર્વક જીવી શકે, તેમને શુદ્ધ ખોરાક અને હવા-પાણી મળે એવા સિનિયર સિટિઝન હૉમ હોવા જોઈએ, જેમાં ડોરમેટ્રી, 3/4 વ્યક્તિ રહી શકે, બે વ્યક્તિ રહી શકે અને સિંગલ વ્યક્તિ રહી શકે એવા એ.સી., નૉન એ.સી. રૂમ્સ હોવા જોઇએ. તેઓ સામાજીક, ધાર્મિક પ્રવૃત્તિ કરી શકે તેવા માહોલ વાળું એક ધામ બને તો આશિર્વાદરૂપ થશે.

શાંત, નૈસર્ગિક વાતારણ વચ્ચે જીવનનાં છેલ્લાં વર્ષો શાંતિમય, ધાર્મિક વાતાવરણ વચ્ચે જે આયુષ્ય હોય તે પસાર કરે.

આપની દીર્ઘ દ્રષ્ટિ આવતા 20-25-50 વર્ષની જરૂરિયાત પ્રમાણે આયોજન કરવાની અદ્‌ભૂત છે અને સમાજમાં દાતાઓ પણ, તેની સંપત્તિનો કેવી રીતે, ક્યાં ઉપયોગ થાય તેની રાહ જોતાં હોય છે. આ તો મારી કલ્પના છે. હમણાં હમણાં આવા હૉમ ખારઘર, નવી મુંબઈ, સુરત, રાજપીપળા  વગેરે ગામમાં થયા છે, જેનો આપને તો ખ્યાલ જ હોય !

નાના મોઢે મોટી વાત (મારા માટે) થઈ ગઈ લાગે તો મિચ્છામિ દુક્કડં !

**સમર્પણતા** એટલે...

**ગુરુના ચરણ અને શરણમાં મન, વચન, કાયાની અર્પણતા!**
**સમર્પણ જ્યારે સમ્યક બને છે ત્યારે આશા, અપેક્ષા અને અધિકારભાવનું મૃત્યુ થાય છે**
**અને પ્રેરણા, કૃપા અને આજ્ઞાનો જન્મ થાય છે.**

## વડોદરા: વડોદરાના આંગણે સંતમિલનનો અભૂતપૂર્વ અવસર

### આચાર્ય સમ્રાટ પૂ. શ્રી શિવમુનિજી મ.સા., બોટાદ સંપ્રદાયના પૂ. શ્રી અમીગુરુ મ. સા. એવમ્ રાષ્ટ્રસંત પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. નું સ્નેહપૂર્ણ મિલન એવમ્ જૈન એકતા અને વિશ્વશાંતિ અર્થે વાર્તાલાપ

શ્રમણ સંઘીય આચાર્ય સમ્રાટ પૂ. શ્રી શિવમુનિજી મ. સા. આદિ તથા રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ, શ્રી પિયુષમુનિ મ. સા. વડોદરા પધારતાં સમસ્ત વડોદરા સ્થા. જૈન સંઘોના ઉપક્રમે શ્રી અલકાપુરી સ્થા. જૈન સંઘના આંગણે આત્મિય ભાવે સંત મિલન થયું હતું.

ગુરુ ભગવંતોના આગમનના વધામણા પ્રાત:કાલ સવારે જે.પી. પોલીસ સ્ટેશન, દિવાળીપુરાથી થયાં હતાં ત્યાર બાદ સયાજીનગર ઓડિટોરીયમમાં 'સંત મિલન સમારોહ' નું આયોજન રાખવામાં આવેલ.

અલકાપુરી સંઘ પ્રમુખ શ્રી હરેશભાઈ લાઠિયાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને લુક એન લર્ન જૈન જ્ઞાનધામના બાળકોએ આચાર્ય વંદના રજુ કરી હતી.

સર્વ પ્રથમ પૂ. શ્રી શુભમમુનિજી મ.સા. એ ગુરુ ગુણગાન રૂપ ભજન ફરમાવ્યું હતું અને મંત્રી પૂજ્ય શ્રી શિરીષમુનિજી મ.સા. એ આત્મરંજન કરવા 'સ્વ' મિલાપ કરાવતું ધ્યાન કરાવ્યું હતું.

યુવા આચાર્ય પૂ. શ્રી મહેન્દ્રમુનિજી મ.સા. એ જેમ નમક વિના ભોજન બે સ્વાદ હોય છે તેમ આત્મદષ્ટિ વિના જીવન બે સ્વાદ હોય છે વિષય પર પ્રવચન ફરમાવ્યું હતું.

આચાર્ય સમ્રાટ પૂ. શ્રી શિવમુનિજી મ.સા. એ એમના પ્રવચનમાં ફરમાવ્યું હતું કે, જે જ્ઞાન ભગવાન મહાવીરે ગૌતમ સ્વામીને આપ્યું એ જ જ્ઞાન આપણને પણ આપ્યું છે અને એના આધારે આપણે પણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. જેમની પાસે આત્મદષ્ટિ છે તે લોકને જાણી શકે છે. દષ્ટિનું મહત્વ અને બે વ્યક્તિનું મિલન એટલે આત્મા અને પરમાત્માનું મિલન ઉપર દષ્ટાંત સાથે વિશ્લેષણ ફરમાવ્યું હતું. લુક અને લર્ન જૈન જ્ઞાનધામની પ્રેરણા માટે


સોનેરી પ્રભાતે સંતમિલનની સુવર્ણ ક્ષણ


ગુરુભગવંતોનું ભાવભર્યું ભવ્ય સ્વાગત


લુક એન લર્નના બાળકો દ્વારા આચાર્ય વંદના


સમસ્ત વડોદરા સ્થા. જૈન સઘો દ્વારા શાલ અર્પણ

રાષ્ટ્ર સંત પૂ. ગુરુદેવશ્રીની પ્રશસ્તિ કરી હતી.

રાષ્ટ્રસંત પૂ. ગુરદેવશ્રી એ આચાર્ય સમ્રાટ ગુરુ ભગવંતના ચરણોમાં મળેલી પળોને સૌભાગ્યની પળો જણાવતાં ફરમાવ્યું હતું કે જેમને પળનું મૂલ્ય હોય છે એ આવી પળોને અમૂલ્ય બનાવી દે છે, સંત મિલનનો અવસર એ નિ:સ્વાર્થ પ્રેમનો ઉત્સવ હોય છે અને આ ઉત્સવનો એ જ સંદેશ છે કે ફુલ ક્યાંકથી લઈએ અને ક્યાંક આપીએ, કાદવ ક્યાંયથી લઈએ નહીં અને ક્યાંય આપીએ નહીં.

રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવશ્રીએ આચાર્ય સમ્રાટને શાલ અર્પણ કરી હતી. સમસ્ત વડોદરાના જૈન સંઘો અને પદાધિકારીઓએ શાલ અર્પણ દ્વારા ગુરુ ભગવંતોના ચરણોમાં ભક્તિ અર્પણ કરી હતી.



બે ધુરંધર ગુરુભગવંતો... આચાર્ય સમ્રાટ અને રાષ્ટ્રસંત

## અમદાવાદ:

રાષ્ટ્રસંત પૂજય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ સ્વાધ્યાયપ્રેમી શ્રી પિયુષમુનિ મ.સા. પૂજયવરા મુકત-લીલમ ગુરુણીમૈયાના સુશિષ્યાઓ વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વિરમતીબાઇ મ., ડૉ. પૂ. શ્રી ડોલરબાઇ મ., પૂ. શ્રી પૂર્ણાબાઇ મ., પૂ. શ્રી બિંદુબાઇ મ., પૂ. શ્રી આરતીબાઇ મ., પૂ. શ્રી સુબોધિકાબાઇ મ. તથા નવદીક્ષિતા સાધ્વીરત્નાઓ પૂ. શ્રી પરમ સૌમ્યાજી મ., પૂ. શ્રી પરમ સંબોધિજી મ., પૂ. શ્રી પરમ પવિત્રાજી મ., પૂ. શ્રી પરમ સમાધિજી મ., પૂ. શ્રી પરમ તપસ્યાજી મ., પૂ. શ્રી પરમ દિવ્યતાજી મ., પૂ. શ્રી પરમ મિત્રાજી મ., પૂ. શ્રી પરમ અનન્યાજી મ., પૂ. શ્રી પરમ પ્રતિષ્ઠાજી મ., પૂ. શ્રી પરમ વિરકતાજી મ. આદિ સંત-સતીજીઓ ગુરુભક્ત શ્રી રમેશભાઈ મકાતી, શ્રી સ્વપ્નીલભાઈ મકાતીના આંગણે પધારતાં... 'સંત ચરણ રજ જ્યાં પડે તે ભૂમિ તીર્થ બને', એવા અહોભાવ સાથે ધન્યતા અનુભવી હતી.

શ્રી કાંતિભાઈ કપાસી, શ્રી સુનિલભાઈ પાટડીવાળા, શ્રી મિતેશભાઈ શેઠ, શ્રી સંદીપભાઈ કામદાર, શ્રી મહેશભાઈ અંબાવી, શ્રી કમલભાઈ મહેતા, શ્રી નરેશભાઈ શાહ, શ્રી શૈલેશભાઈ ઝાટકીયા આદિ અમદાવાદના શ્રેષ્ઠીવર્યો અને ભાવિકો પણ ચાતુર્માસ અર્થે અમદાવાદ પધારતાં પૂ. ગુરુદેવના દર્શન-સત્સંગનો લાભ લેવા ભક્તિભાવે પધાર્યા હતાં. પૂ. ગુરુદેવે સંતોનો વિનય અને સંતોનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું, સંતોની પાછળ ચાલનારા જગતમાં ક્યાંય પાછળ પડતાં નથી અને સંતોની આગળ ચાલનારા, જગતમાં ક્યારેય આગળ આવી શક્તા નથી.



પૂ. ગુરુદેવો અને સતીજીઓનો વિહાર
શ્રી મકાતિ પરિવારના નિવાસ સ્થાન તરફ

## પાવનધામ:

અર્હમ યુવા ગ્રુપ અને પાવનધામના સંયુક્ત ઉપક્રમે મુંબઈની પ્રખ્યાત લીલાવતી હોસ્પિટલના સહયોગથી પાવનધામ-કાંદિવલીમાં ફ્રી મેડીકલ ચેકઅપ રાખવામાં આવેલ. સવારે 9:00 થી સાંજે 5:00 સુધીના કેમ્પમાં લીલાવતી હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી રેખાબેન શેઠ તથા ડૉકટર્સની ટીમ અને આસિસટન્ટ ડૉકટર્સ આવ્યા હતાં. ઓર્થોપેડિક સર્જન ડૉ. શ્રી સત્યેનભાઈ મહેતા, કાર્ડીયોલોજીસ્ટ ડૉ. શ્રી સ્નેહલભાઈ કોઠારી, ડૉ. શ્રી ભાવેશભાઈ વજીફદાર, ગાયનેક ડૉ. શ્રી કિરણબેન કોઈથો અને ફીઝીસીયન ડૉ. શ્રી સંદીપભાઈ દેસાઈ આવ્યા હતાં અને 400 વ્યક્તિઓએ પ્રોપર ગાઈડન્સ મળતાં એક સંતોષ થયો હતો. પૂ. શ્રી પ્રબોધિકાબાઈ મ. એ એમની સેવા ભાવનાની પ્રશસ્તિ સાથે માંગલિક ફરમાવ્યું હતું, જ્યારે અર્હમ યુવા સેવા ગ્રુપ અને પાવનધામ એ દરેક ડૉકટર્સની નિ:સ્વાર્થ સેવાનું પ્રતિક દ્વારા સન્માન કર્યું હતું.

# રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીનો અમદાવાદમાં ભવ્ય નગર પ્રવેશ.




**શ્રી પ્રવિણભાઇ કોઠારી, શ્રી કાંતિભાઇ કપાસી આદિ**




**શ્રી અલ્પેશભાઇ તલસાણીયા, શ્રી પ્રફુલ્લભાઇ, શ્રી મિતેશભાઇ આદિ**

કેટલાંય મહિનાઓથી ચાતક નજરે જેમની પ્રતિક્ષા કરતાં હતાં એવા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ અધ્યાત્મ નગરી અમદાવાદમાં પધારતાં જ દરિયાવ દિલ ભાવિકોના હૃદયમાં ભાવોની ભરતી આવી હતી અને હૈયામાં હર્ષ ઉભરાતો હતો.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ, પૂ. શ્રી પિયુષમુનિ મ.સા., એવમ સાધ્વીરત્ના પૂ. શ્રી પૂર્ણાબાઈ મ., નવદીક્ષિતા પૂ. શ્રી પરમ સૌમ્યાજી મ., પૂ. શ્રી પરમ સંબોધિજી મ., પૂ. શ્રી પરમ પવિત્રાજી મ., પૂ. શ્રી પરમ તપસ્યાજી મ., પૂ. શ્રી પરમ દિવ્યતાજી મ. અને પૂ. શ્રી પરમ અનન્યાજી મ. ના અધ્યાત્મ નગરી અમદાવાદમાં આગમનને વધાવતી ભવ્ય સ્વાગત યાત્રામાં ભાવિકો સાથે બહેનો અને બાળકોનો ઉત્સાહ અનેરો હતો જ્યારે વડીલો પણ પોતાના પદ અને ઉંમરનું ભાન ભૂલી આત્મિય ગુરુવર્યના આગમનના આનંદને નૃત્ય દ્વારા વ્યક્ત કરતાં હતાં.

પાલડી વિસ્તારમાં સ્થિત શ્રી કચ્છી ભવનથી પ્રારંભ થયેલી ભવ્ય સ્વાગત શોભા યાત્રા અમદાવાદના રાજમાર્ગો પર થઈ, વર્ષો પહેલાં જેમણે સહજભાવે ઉછામણીમાં માળા લીધી હતી અને તે દિવસથી જ પૂ. શ્રી ગુરુદેવ સાથે આત્મિક કનેક્શન સાથે જોડાઈ ગયાં હતાં એવા ખમીરવંતા શ્રી પાટડીવાળા પરિવારના આંગણે પધારતાં પરિવારજનોની આંખો અહોભાવથી છલકાઈ ગઈ હતી.

અમદાવાદમાં 'આરાધ્ય ચાતુર્માસ' અર્થે પધારેલાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ચાતુર્માસનું એમનું લક્ષ્ય સમજાવતા જણાવ્યું હતું કે, અમદાવાદના જૈન-અજૈન ભાવિકોમાં ભક્તિનો રંગ અનેરો છે, ડીવોશન પણ છે, બસ, એમાં ડીસીપ્લીન ભળશે ત્યારે એની ચમક અલગ આવશે.



**ભવ્ય સ્વાગત સામૈયામાં ભાવિકોનો ઉત્સાહ**



**પ્રેરણાદાતા પૂ. ગુરુદેવનું ભકિતભાવે સ્વાગત કરતાં LNLના બાળકો**



**અમદાવાદના રાજમાર્ગોને ગુજવતી લાંબી સ્વાગત યાત્રા**



**ગામેગામથી પધારેલાં સંઘ પ્રતિનિધીઓનો ઉમંગ**

# ભાવ અને ભક્તિ સાથે સ્નેહભર્યું સામૈયું...



પૂ. ગુરુદેવના આશીર્વાદથી ધન્ય બન્યા માતુશ્રી ઇંદુબેન પાટડીવાળા





અમદાવાદ પરંપરાગત નૃત્ય દ્વારા સ્વાગત



સ્વાગત સમારોહમાં અગ્રણી મહાનુભાવો

સંતો પ્રત્યેના આદરને કારણે હાથ જોડાયેલાં છે, અમે સંતો સાથે હાર્ટ જોડાય અને અહોભાવ પ્રગટે એવી કલા શીખવશું.

હિંસા અને અહિંસાની સમ્યક્ પરિભાષા દ્વારા મિથ્યા માન્યતાને દૂર કરવાના પ્રયત્નો કરીશું, ધર્મથી દૂર થઈ રહેલાં યુવા વર્ગને ધર્મ તરફ ડાયવર્ટ કરીશું અને ધર્મ સ્થાનકમાં ક્યારેય ન આવતાને આવતા કરીશું. વિભક્ત થતાં પરિવારને પ્રેમથી કેવી રીતે જોડી શકાય અને ઘરને ઉપાશ્રય બનાવવા શું કરવું જોઈએ એનું માર્ગદર્શન આપી પરિવારને એક કરીશું.

શ્રી સુનિલભાઈ અને શ્રી નિલેશભાઈના આંગણે જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખકમલમાંથી શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો બ્રહ્મનાદ ગુંજયો ત્યારે સહુના સ્મરણ પટ પર 15,000 ભાવિકોથી ભરચક જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડનું દૃશ્ય અને એ બુલંદ ધ્વની આવી ગયાં. આ અવસરે અજરામર સંપ્રદાયના પૂ. શ્રી ઓજસબાઈ મ. એ નગર પ્રવેશના શુભેચ્છા વંદન પાઠવ્યા હતાં. ઘાટકોપરમાં 32,000 ભાવિકોની ઉપસ્થિતિમાં દીક્ષિત થયેલ શિક્ષિત અને યુવા સાધ્વીરત્ના પૂ. શ્રી પરમ સંબોધિજી મ. એ એમના ભાવો વહાવ્યા ત્યારે સહુના હૃદયમાં અહોભાવ પ્રગટતો હતો.

ગોંડલ સંપ્રદાયના, સંપ્રદાયરત્ન શ્રી પ્રવિણભાઈ કોઠારીએ ચાતુર્માસ શુભેચ્છા વંદના સાથે પૂ. ગુરુદેવશ્રીના સાધના સામર્થ્યની પ્રશસ્તિ કરી હતી. અમદાવાદના સમસ્ત સ્થા. જૈન સંઘો વતી શ્રી કમલભાઈ મહેતાએ અને વડોદરાના જૈન સંઘો વતી શ્રી હરેશભાઈ લાઠિયાએ શુભેચ્છા અભિવંદન પાઠવ્યાં હતાં. લક્કી ડ્રો ના વિજેતાઓને પૂ. ગુરુદેવશ્રીના સાંનિધ્યે દીક્ષા લેનાર દીક્ષાર્થીઓને વિજય તિલક કરવાનો લાભ પણ મળશે. લુક એન લર્નના બાળકોએ ખૂબજ સુંદર સ્વાગત નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.



વિશાળ સંખ્યામાં બહેનો



વિશાળ સંખ્યામાં ભાઇઓ

# અર્હમ યુવા ગ્રુપ દ્વારા માનવતાની મહેક પ્રસરી

અર્હમ યુવા સેવા ગ્રુપ - રાજકોટ અને ગોંડલ એ તાજેતરમાં જ આવા અંતરીયાળ ગામડાંઓ દેરડી, ખારી, કેરાલા, વઘાણીયા, ખીજડીયા, હડાળા રામપુર, વડીયા, અમરનગર, સુલતાનપુર વગેરે ગામોમાં ખાદ્ય સામગ્રી, દવા, ટોર્ચ, મીણબત્તી, ચાદર વગેરે પહોંચાડી માનવતાની મહેક પ્રસરાવેલ છે. અસરગ્રસ્ત વિસ્તારના કુંટુંબને રાશનકીટ, બાળકો માટે સ્કુલબેગ કીટ, પીવાના પાણી માટે ફીલ્ટર, વોટર ટેંક વગેરે તાત્કાલિક મૂકાવવા માટેનું અયોજન તથા મૂંગા જીવ માટે લીલું અને સૂકું ઘાસ પહોંચાડવાનું આયોજન કરેલ છે. આ માનવતાના કાર્યની પ્રેરણા રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવએ કરેલ છે.

અર્હમ્ યુવા સેવા ગ્રુપ-રાજકોટ અને ગોંડલની ટીમ આ કાર્યને સફળ બનાવવા સંપૂર્ણ કટીબદ્ધ છે. અર્હમ્ ગ્રુપના મેમ્બર્સ પૂજય ગુરુદેવની આજ્ઞા અને સૂચના મુજબ દરરોજ પાણીના પાઉચ, થેપલાં, ખારી શીંગ, લાડવા, બેટરી, માચીસ, માણબતી, શાલ, બ્રેડ, સેવ-મમરા, ચેવડો, દાલમૂઠ, ગાંઠિયા, કેળાની વેફર ફ્રાયમ્સ, બિસ્કીટ આદિ ખાદ્ય સામગ્રી લઇ જાય છે, તાવ, ઉધરસ, શરદીની દવા પણ લઇ જાય છે. અર્હમ્‌ની સેવા જોઇ એક ભાઇ 20 કિલો ગાંઠિયા તો કોઇ 20 કિલો સક્કરપારા આપી ગયા છે.

નાના-મોટા સહુ યથાશકિત દાન આપતાં દાનની સરવાણી વહી રહી છે અને સાથે સાથે અર્હમ્ યુવા ગ્રુપનો ઉત્સાહ પણ વધી રહ્યો છે.

જેમને અનુદાન આપવાના ભાવ હોય તેમણે **તુષારભાઈ : +91-94282-66086** અર્હમ્ યુવા સેવા ગ્રુપને કોન્ટેક કરવો.








•••



અર્હમ્ યુવા સેવા ગ્રુપ (પેલેસ રોડ) દ્વારા શાળાના પ્રવેશોત્સવ અવસરે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માનનીય શ્રીમતી આનંદીબેન પટેલના શુભ હસ્તે કિશોરસિંહજી શાળાના નાના વિદ્યાર્થીઓને સ્કૂલ કીટ એવમ્ મોટા વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ નોટબુક્સનું વિતરણ કરાવ્યું હતું.

શ્રી તેજસભાઈ બાવીસીએ ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી આનંદીબેન પટેલ અતિથી વિશેષ શહેર ભાજપ પ્રમુખ શ્રી ભીખાભાઈ વસોયા, મેયર શ્રી રક્ષાબેન બોળિયા, મ્યુ. કો. ના સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન શ્રી નિતીનભાઈ ભારદ્વાજ, કલેક્ટર શ્રી મનિષાબેન ચાંદ્રા, ધારા સભ્ય શ્રી ભાનુબેન બાબરીયા, સ્પે. કમિશ્નર શ્રી નિર્મલ ભારત ગ્રામ વિકાસ વિભાગ ગાંધીનગરના શ્રી આર. એમ. જાદવ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દેવાંગભાઈ માંકડ, તેમજ શાળાના પ્રિન્સીપાલ શ્રી ઈલાબેન આચાર્યને જ્યારે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને દેશ-પરદેશમાં વ્યાપ્ત અર્હમ્ યુવા સેવા ગ્રુપની માનવસેવા અને જીવદયાની પ્રવૃતિઓ વિશે સંક્ષિપ્ત માહિતી આપી ત્યારે શ્રી આનંદીબેને શાલ ઓઢાડી શ્રી તેજસભાઈનું સન્માન કર્યું હતું તથા અભિનંદન આપતાં જણાવ્યું હતું કે ખૂબ ખૂબ આવા સત્કાર્યો કરતા રહો.



# ગુરુ ગાઈડ!

આપણા આત્મામાં રહેલાં આપણા ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અર્હમ્ એ આપણા આત્માના મહાન શત્રુ રહેલાં છે.

આપણો આત્મા જો સંસારમાં પરિભ્રમણ કરતો હોય તો આ જ મુખ્ય કારણ છે.

પોતાની ઈચ્છાથી ક્યારેય પોતાની ઈચ્છા મરતી જ નથી. પોતાના અહમ્ અને અવગુણ ક્યારેય પોતાની ઈચ્છાથી મરતાં જ નથી. કેમકે, ઈચ્છા પોતે જ ઝેર છે અને ઝેર ક્યારેય ઝેરનું મારણી બની શકે ? ક્યારેય ન બની શકે.

જ્યારે એક આત્મા સદ્ગુરુના શરણમાં જાય છે. ત્યારે અલ્પ સમયમાં, ઓછામાં ઓછી મહેનતે તેના અવગુણો અને ઈચ્છાઓ મરી જાય છે, અને તે લક્ષ્ય સુધી પહોંચી શકે છે.

માનો કે, એક ગીચ જંગલમાં તમને એકલા મૂકી દે અને કહેવામાં આવે કે, જાવ તમે તમારા લક્ષ્ય સુધી, તમારા સ્થાન સુધી પહોંચી જાવ, જવાનું પણ તમારે એકલા એ જ હોય. ચાલવાનું પણ તમારે અને માર્ગને જોવાનો પણ તમારે જ હોય ત્યારે શું થાય ? કેવી મુંઝવણ થાય ? પણ જો સાથે એક ભોમિયો કે ગાઈડ હોય તો ! ! !

તો રખડવાનું અટકી જાય, રઝળવાનું અટકી જાય. ભટકવાનું અટકી જાય. ખોટા રસ્તા છૂટી જાય, જે સમય બગડવાનો છે તે ન બગડે અને દરેક ડગલું , દરેક પગલું સાચું પડે. દરેક પ્રયત્ન સાચા હોય અને દિશા પણ સાચી હોય.

**તેમ લાઈફમાં જો સદ્ગુરુ ભોમિયા હોય તો ભટક્યા વિના ભવપાર કરી શકાય.**

**જો સદ્ગુરુ ગાઈડ હોય તો માર્ગ અને મંઝિલ સહજ હોય.**



# OPTICAL PALACE

SINCE 1984

COMPUTERISED EYE TESTING • CONTACT LENS CLINIC

• FOR SPECTACLE LENSES •

Kodak LENS VISION SERIES

essilor

ZEISS

• AUTHORISED CENTRE •

BOSS HUGO BOSS

HILFIGER

Silhouette

GUCCI

GIORGIO ARMANI

EMPORIO ARMANI

Flair

TAG Heuer AVANT-GARDE EYEWEAR

Ray-Ban

MONT BLANC

Dior

2, Neelkanth Shopping Centre, Cama lane Corner, Ghatkopar (W), Mumbai - 400 086. Tel. : 2512 9516

JAIN JAGRUTI CENTRE JJC •1975•

# JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road, Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

## રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઈ ગઈ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઈ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઈલ આઈડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા**

૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા

૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથીશનિવાર

૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ – ભરવાની રહેશે.

CONTACT

Sunil Shah - 75062 66440

Praful Mehta - 98200 68297

Harsha Shah - 98336 70028

પરમ જ્ઞાનાવતાર,

વીતરાગ ધર્મના આરાધક

## રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ

## શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને

## ગુરુપૂર્ણિમા અવસરે અમારા કોટિ કોટિ વંદન...



**AMBAVI STEEL CORPORATION**

B-506, Nirman Complex, Opp Havmore Restaurant, Navrangpura, Ahmedabad.-380009

(O) +91 (079)26562156 , +91 (079)26431313, (M) +91 9824015756 , +91 9824300344



પૂર્ણિમાનો ચંદ્ર જેમ શૂન્યનો આકાર પામે છે ત્યારે જ તે પૂર્ણ બને છે,
તેમ શિષ્ય જ્યારે સદ્‌ગુરુના ચરણમાં શૂન્ય બની જાય છે ત્યારે જ તે પૂર્ણત્વને પામે છે
*'ગુરૂ પૂર્ણિમા'* નો પૂર્ણ ચંદ્ર જે રીતે તેજ પ્રસરાવે છે,
તે જ રીતે સદ્‌ગુરુ આપણા જીવનમાં શીતળતા સાથે જ્ઞાનનું તેજ પ્રસરાવી,
આત્મગુણોને પ્રગટાવી, માત્ર જીવનનું નહિં પણ *'જીવ'*નું પરિવર્તન કરાવે છે,
અહમ્‌ને શૂન્ય બનાવે છે અને *'ગુરૂની આજ્ઞા'* ઈચ્છાનું મૃત્યુ કરાવે છે.
*'ગુરૂની આજ્ઞા'* પરથી *'સ્વ'* અને *'સ્વ'* થી *'સિધ્ધત્વ'* તરફ લઈ જાય છે.



ગુરુ પૂર્ણિમાના
પાવન અવસરે પરમ ઉપકારી
**પૂજ્ય ગુરુદેવના શ્રી ચરણોમાં**
કોટિ-કોટિ વંદન...

*- ગુરૂઆજ્ઞા સત્સંગ ગ્રુપ*
*(રાજકોટ)*

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

**Shantinath Industries**

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.

Rashmikant Desai - 93240 87750 E-mail : fineeyecare@gmail.com

BETTER EYE CARE BEST EYE WEAR

**FINE EYE CARE**

Eye Consultants & Optical Gallery

COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST, CONTACT LENSES & LOW VISION CLINIC

Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

Since-1954 FV Hardik Desai - 93210 29293

FINE FINE FINE & ALL FINE TO YOU

**FINE VISION**

Ophthalmic Optical Equipment & Lenses

384 - M, Dabholkar Wadi, Kalbadevi Road, Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444

Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com

સદ્ગુરુના સાંનિધ્યની હર એક પળ,
એક નવી દિશા અને નવી દૃષ્ટિ આપે છે !

- ગુરુભક્ત શ્રી મેઘાણી પરિવાર

Bakulesh Virani 098410 43041

**VIRANI INTERNATIONAL**

Virani international

Your Key to Security Holograms & Self Adhesive Label Stock

67B, KMA, Garden, Kannadasan Nagar, Kodungaiyur, Chennai - 600 118. India.
Ph. : +91 44 2555 8945 • Fax : +91 44 2555 3581 • Mobile : +91 9884097410 • mailvirani@yahoo.com • www.virani.in

**JENAM**

ENTERPRISES PVT. LTD.

Raju Bhai 91 93201 41945 Amit 98198 99400 Hardik 90969 94466

**IRON AND STEEL TRADERS & IMPORTERS**

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

પુણ્યનો ઉદય અને પાપનો ક્ષય થાય, ત્યારે સદ્ગુરુનું સાંનિધ્ય પ્રાપ્ત થાય !

અસીમ ઉપકારી પૂજ્ય ગુરુદેવ !
આપના ઉપકારને અગણિત વંદના !!!

ગુરુપૂર્ણિમા અવસરની અંતર અભિવંદના ! !!

- શ્રી હાર્દિકભાઈ દડિયા

With Best Compliments from

Moving with Confidence | go gas

# Confidence Group

## Confidence Petroleum at a Glance

- Reputed BSE Listed Company with a mission to become the largest private player across the globe in the LPG/CNG related businesses by 2015.
- Operating one of the Asia's largest Cylinders manufacturing units under one roof including one in Indonesia
- India's leading Bottlers with 51 bottling plants across 21 states.
- Upcoming 250 Gogas Auto LPG Dispensing Stations across the country.
- Operating ISO9001-2008 certified manufacturing unit of CNG/High Pressure Gas Cylinders.
- Nationwide network of 27 Marketing Offices.
- Establishing Tie-ups with International Companies for future projects.






Cylinder Manufacturing



Bottling Assistance



Auto LPG Station



Packed Cylinder Marketing



CNG / LPG Dispensers



Ethanol Manufacturing



ANG Pipeline on the move



RFID Metering Solutions

Moving with Confidence

| Nitin Khara | Nalin Khara | Elesh Khara |

# CONFIDENCE PETROLEUM INDIA LIMITED

CORPORATE OFFICE : 404, Satyam Apartments, 8, Wardha Road, Dhantoli, Nagpur - 440 012 (M.S.) India

Ph.:0712-3298539/40 Fax:0712-6612083 Email : info@confidencepetro.com Website : www.confidencepetro.com

Registered with Registrar of Newspapers under RNI NO. MAHMUL/2008/37878
Postal Registration No. MH/MR/N/94/MBI/14-16 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2014-16
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 05-07-2015


શ્રી ઋષભદેવ જૈન સંઘ - ધર્માલયના આંગણે

# આરાધ્ય ચાતુર્માસ



આરાધનાના આલંબને અર્હત્‌ની અનુભૂતિ

**: ચાતુર્માસિક સાંનિધ્ય :**

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના કૃપાપાત્ર સુશિષ્ય

**રાષ્ટ્રસંત પૂજય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**

સ્વાધ્યાયપ્રેમી શ્રી પિયુષમુનિ મ.સા.

પૂજયવરા મુકત-લીલમ ગુરુણીમૈયાના સુશિષ્યાઓ વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વિરમતીબાઇ મ., ડૉ. પૂ. શ્રી ડોલરબાઇ મ., પૂ. શ્રી પૂર્ણાબાઇ મ., પૂ. શ્રી બિંદુબાઇ મ., પૂ. શ્રી આરતીબાઇ મ., પૂ. શ્રી સુબોધિકાબાઇ મ. તથા નવદીક્ષિતા સાધ્વીરત્નાઓ પૂ. શ્રી પરમ સૌમ્યાજી મ., પૂ. શ્રી પરમ સંબોધિજી મ., પૂ. શ્રી પરમ પવિત્રાજી મ., પૂ. શ્રી પરમ સમાધિજી મ., પૂ. શ્રી પરમ તપસ્યાજી મ., પૂ. શ્રી પરમ દિવ્યતાજી મ., પૂ. શ્રી પરમ મિત્રાજી મ., પૂ. શ્રી પરમ અનન્યાજી મ., પૂ. શ્રી પરમ પ્રતિષ્ઠાજી મ., પૂ. શ્રી પરમ વિરકતાજી મ.

*તારીખ: 19.07.2015, રવિવાર*

**સ્મરણીય શોભાયાત્રા** ❋ *સમય: સવારે 8: 00 કલાકે*

ભવ્ય સ્વાગત શોભાયાત્રા ધર્મવત્સલ શ્રી રમેશભાઇ મકાતીના નિવાસસ્થાન E-302, શરણમ્ 4, સીમા હોલની પાછળ, ઑફ 100 ફીટ રોડ સેટેલાઇટથી પ્રારંભ થઈને સ્વાગત સમારોહ સ્થાનમાં પધારશે.

**જપ સાધના** ❋ *સમય: સવારે 9:15 કલાકે*

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જપ સાધના દ્વારા આધિ, વ્યાધિ, ઉપાધિ નિવારણનો અવસર.

**સદ્‌ગુરુ સ્વાગત સમારોહ** ❋ *સમય: સવારે 9:45 કલાકે*

સદ્‌ગુરુદેવના આગમને, હૃદયમાં ઉછળતી ઊર્મિઓને વાચા આપવાનો અવસર...

## મંગલ પ્રવેશ સ્વાગત સમારોહ

**શુભ દિન:**
19th July, 2015, રવિવાર

**શુભ ઘડી:**
સવારે 9:00 કલાકે

*: ચાતુર્માસ ત્રિમહોત્સવ :*

19th July - *ચાતુર્માસ પ્રવેશ*
30th July - *ગુરુપૂર્ણિમા ઉત્સવ*
27th Sept. - *માનવતા મહોત્સવ*

*: અનુમોદક :*

- શ્રી ઈન્દુલાલ જગજીવનભાઈ દેસાઈ
- શ્રી પુષ્પાગૌરી ઈન્દુલાલ દેસાઈ
- શ્રી ભાવેશભાઈ ઈન્દુલાલ દેસાઈ
- ધર્મવત્સલ શ્રી સ્મિતાબેન અજમેરા

દર્શનાર્થીઓએ
બપોરે 12:00 થી 4:00
અને નિત્ય આરાધનાઓ સિવાયના
સમયે આવવું.

## આગમ અર્પણ સમારોહ

32 આગમના, 35 ગ્રંથોનો સેટ એક સાથે અર્પણ થશે

પારસધામ પ્રકાશિત, સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણ આગમ બત્રીસીના ગુજરાતી અનુવાદિત આગમની તૃતિય આવૃત્તિના લોકાર્પણનો ધન્ય અવસર.

આગમના સેટ મેળવવા ઈચ્છુક ભાવિકો સંપર્ક કરે
જ્ઞાનસેવક શ્રી પરેશભાઈ શાહ +91-91671-09889



*ચાતુર્માસ સાધર્મિક ભક્તિ*

શ્રી ચમનભાઈ ઉમેદચંદ પાટડીવાળા પરિવાર
*શ્રી નિલેશભાઈ શાહ* 卐 *શ્રી સુનીલભાઈ શાહ*

*અહો ગુરુ ! શું તુજ ચરણ કને ધરું...*

## || ગુરુપૂર્ણિમા ||

'પ્રભાવથી 'સ્વ' ભાવ'

તા.: 30.07.2015, ગુરુવાર ♦ સવારે 9:00 થી 12:00

**આમંત્રક**

આરાધ્ય ચાતુર્માસ
શ્રી ઋષભદેવ જૈન સંઘ - ધર્માલય
બાલાજી ચાર રસ્તા, સેટેલાઇટ, અમદાવાદ
ફોન: +91-79-26922650